
4-6-97 26-11-96



* ગુણ–પર્યાયની સ્વતંત્રતા અને દ્રવ્યની મહાનતા લક્ષમાં લેવાની છે. આટલી જ વાત મૂળ છે. દરેક પર્યાયની સ્વકાળલબ્ધિ જોતાં નિમિત્તાધીન દૃષ્ટિ છૂટી જાય છે અને દ્રવ્યસ્વભાવની મહાનતા જોતાં પર્યાયદૃષ્ટિ–પર્યાયનું લક્ષ છૂટી જાય છે ને વસ્તુની દૃષ્ટિ થઈ જાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૧૬ / સં. ૨૦૫૨ (૬૩૭) * આત્મધર્મ * (અંક–૫ / વર્ષ–૫૩) વીર સં. ૨૫૨૨ / નવેમ્બર, ૧૯૯૬

# 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* શિષ્યના દોષને છુપાવનારા ગુરુ કરતાં થોડા પણ દોષ જોઈ તેને ઘણાં પ્રકારે પ્રગટ કરનારા દુર્જનો સારા છે કે જેથી ધર્માર્થી પુરુષો પોતાનો દોષ જાણી તેનો ક્ષય કરવાના ઉદ્યમ ભણી પ્રવર્તે; તેથી દોષ પ્રગટ કરનારા દુર્જનો કોઈ અપેક્ષાએ ગુરુ સમાન કાર્યકારી છે. ધર્માત્મા પુરુષો પોતાના દોષ છુપાવવાવાળા ગુરુઓ કરતાં દોષ પ્રગટ કરવાવાળા દુર્જનોને ભલા સમજે છે. વળી દોષને પ્રગટ કરનાર જગતમાં જો ન હોત તો જીવની સ્વચ્છંદ દશા કયા મલિન છેડે જઈ અટકત એની કલ્પના પણ અશક્ય છે. ૪૬૫.

( શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૪૦ )

* અનંત મહિમાભંડારને જ્ઞાનચેતનામાં પોતાપણે અનુભવે જે જે ઉપયોગ ઉઠે છે તે હું છું એવો નિશ્ચય ભાવનામાં કરે તો તે તરે જ તરે. અનાદિનો વિચાર કરે કે અનાદિથી પરને પોતારૂપ જાણી દુઃખ સહ્યું, હવે શ્રીગુરુએ જે ઉપદેશ કહ્યો છે તેને સત્ય કરી માનતાં જ શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે. માટે ધન્ય છે સદ્‌ગુરુને કે જેમણે ભવ-ગર્ભથી નીકળવાનો ઉપાય બતાવ્યો. તેથી શ્રીગુરુ જેવા ઉપકારી કોઈ નથી એમ જાણી શ્રીગુરુની વચનપ્રતીતિથી પાર થવું. ૪૬૬.

( શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯૩ )

* સંસારમાં એવું કોઈ તીર્થ નથી, એવું કોઈ જળ નથી તથા અન્ય પણ એવી કોઈ વસ્તુ નથી, જેના દ્વારા પૂર્ણપણે અપવિત્ર આ મનુષ્યનું શરીર પ્રત્યક્ષમાં શુદ્ધ થઈ શકે. આધિ ( માનસિક કષ્ટ ), વ્યાધિ ( શારીરિક કષ્ટ ), ઘડપણ અને મરણ આદિથી વ્યાપ્ત આ શરીર નિરંતર એટલું સંતાપ-કારક છે કે સજ્જનોને તેનું નામ લેવું પણ અસહ્ય લાગે છે. ૪૬૭.

( શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સ્નાનાષ્ટક, શ્લોક-૬ )

કહાન સંવત-૧૬
વર્ષ-૫૩
અંક-૫
[ ૬૩૭ ]

વીર સંવત ૨૫૨૨
સં. ૨૦૫૨
NOV.
A. D. 1996




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૧૧ ]

આકુળતામય શુભાશુભ ભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયકસ્વભાવ છે તેને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય—એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

**આત્મા અનાદિ અનંત વસ્તુ છે. જ્ઞાન તેનો મુખ્ય સ્વભાવ છે. જ્ઞાન ન હોય તો બીજા ગુણ તથા વિકારને જાણે કોણ? જ્ઞાનનો સ્વભાવ સ્વપર-પ્રકાશક છે. સ્વમાં નિયત ધારાએ શ્રદ્ધા-જ્ઞાનાદિના પરિણમનનો પ્રવાહ ચાલ્યો જાય છે. નિયત એટલે નિશ્ચય. અલ્પ રાગાદિ હોવા છતાં તેને જાણતો જીવ છે. તે વખતે નિમિત્ત ભલે હોય તો**

પણ તેને જાણતો જીવ ઉત્પન્ન થાય છે. નિમિત્તની સહાય લેતો અથવા બીજાને સહાય દેતો ઊપજતો નથી. પાણીમાં તરંગ ઊઠે તેમ ચૈતન્યમાં એક પછી એક પર્યાય ઊપજે છે. અજીવ પણ નિયત ધારાએ ક્રમબદ્ધ પરિણમતું સ્વયંસિદ્ધ છે. તેમાં કોઈ ફેરફાર કરતું નથી. જડને જ્ઞાન નથી પણ જ્ઞેયનો ક્રમ છે. તેમાં જ્ઞાન નિમિત્ત કહેવાય છે. લોકાલોક જ્ઞેય છે. જ્ઞેય જ્ઞાનને નિમિત્ત છે અને જ્ઞાન જ્ઞેયમાં નિમિત્ત છે પણ કોઈ કોઈનો પ્રવાહ તોડે તેમ બને નહિ.

જીવ પોતાના જ્ઞાનના ક્રમમાં પરિણમતું જાય છે અને સામે અજીવ પણ સ્વયં ક્રમસર પરિણમે છે. તે ક્રમસર પરિણમતું જ્ઞેય તરીકે જણાય એવી તેની યોગ્યતા છે અને તેને વ્યવહારે જાણે તે જીવ છે. અહીં સોનાનો દાખલો આપેલ છે. સોનું સ્વતંત્ર કામ કરે છે, સોની સાથે તે તાદાત્મ્ય નથી. સોનું પોતાના પરિણામથી તદ્રૂપ છે. તે પરિણામ થવાના ન હતા ને થયા એમ માનવામાં આવે તો તે તદ્રૂપ ન રહ્યા પણ કદ્રૂપ થઈ ગયા. સોનું પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરિણમતું પોતા સાથે એકાકાર છે, તેથી સોનું પોતાના પરિણામનું કર્તા છે. સોની તેનો કર્તા નહિ હોવા છતાં તેને કર્તા કહેવો તે ઉપચાર છે. વર્તમાન પરિણામ સાથે સોનું તદ્રૂપ છે. તેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારે અંશો સમયે સમયે તદ્રૂપ છે. બીજે સમયે બીજા અને ત્રીજે સમયે ત્રીજા છે. ગુણરૂપે સદ્રશ હોવા છતાં પર્યાય અપેક્ષાએ ચારે અંશો પલટે છે. સોનું કંકણ આદિથી તદ્રૂપ છે, તેમ દરેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તદ્રૂપ છે. આત્મા પોતાના પરિણામ સાથે અભેદ છે. જ્ઞાતા-દ્રષ્ટાપણે અભેદ છે. રાગાદિ હોવા છતાં રાગને જાણતો ઊપજે છે, તે રાગને લાવતો નથી, નિમિતને લાવતો નથી, રાગને દૂર કરતો નથી, નિમિત્તને દૂર કરતો નથી, પણ રાગાદિને જાણતો ઊપજે છે. દરેક સમયે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તદ્રૂપ થઈને પરિણમે છે. આવો વસ્તુનો સ્વભાવ છે. ભલે બીજી ચીજ હો. પોતે કર્તા-કર્મ થઈને ઊપજે છે. બીજાને કર્તા કહેવો તે ઉપચારછે. બીજી વસ્તુ આ આત્માની અપેક્ષાએ અવસ્તુ છે. અવસ્તુનો પ્રભાવ કેવી રીતે પડે? શું કોઈ દ્રવ્ય પોતાનું ક્ષેત્ર છોડીને આઘું ગયું છે? બીજાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ પોતે અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ-અભાવ છે ને બીજાં દ્રવ્યો પોતાની અપેક્ષાએ અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ-અભાવરૂપ છે. માટીનાં પરમાણુ પોતાની પર્યાય સાથે તદ્રૂપ છે. ઘડાની અપેક્ષાએ કુંભાર છે જ નહિ, કુંભારની અપેક્ષાએ માટી છે જ નહિ.

વીરસેનસ્વામીએ ધવલમાં અંતરંગ કારણની યોગ્યતા ઉપર કહ્યું છે કે કષાયના પરિણામ એક જાતના હોવા છતાં કોઈ કર્મની સ્થિતિ ચાલીસ કોડાકોડીની, કોઈની

ત્રીસની, કોઈની વીસની–એમ જુદા જુદા પ્રકારની હોય છે–એ ઉપરથી નક્કી થાય છે કે તે પ્રકૃતિઓનું અંતરંગ કારણ તે જ ખરું કારણ છે.

દસમા ગુણસ્થાને લોભના અંશરૂપ એક જ સરખું નિમિત્ત છે, છતાં ૧૭ પ્રકૃતિઓ જુદી જુદી સ્થિતિની બંધાય છે. જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની ચાર, અંતરાયની પાંચ એમ ચૌદ પ્રકૃતિ અંતર્મુહૂર્તની સ્થિતિની બંધાય છે. શાતાવેદનીય ૧૨ મુહૂર્તની, યશોકીર્તિનામકર્મની ૮ મુહૂર્તની અને ઉચ્ચગોત્રની ૮ મુહૂર્તની સ્થિતિ બંધાય છે.

એવી જુદી જુદી સ્થિતિ બંધાય તેનું કારણ શું ?—તો કહે છે કે તે પ્રકૃતિનું અંતરંગકારણ એક જ ખરું કારણ છે. લોભના પરિણામ બધી પ્રકૃતિને એક જ નિમિત્ત છે. છતાં જુદી જુદી સ્થિતિ બંધાણી માટે નિમિત્તકારણથી કાર્ય થતું નથી. જો નિમિત્તથી કાર્ય માનવામાં આવે તો ચોખામાંથી જવ થશે. લીંબડામાંથી આંબો થશે, જીવમાંથી અજીવ થશે. કોઈ મર્યાદા રહેશે નહિ, અર્થાત્ અનવસ્થા થઈ જશે. કાર્માણવર્ગણાઓ કેટલીએ છે પણ તેમાંથી કેટલીક વર્ગણા જ્ઞાનાવરણીયરૂપે પરિણમી કેટલીક દર્શનાવરણીયરૂપે પરિણમી, કેટલીક અમુક સ્થિતિની બંધાણી, કેટલીક અમુક સ્થિતિની બંધાણી–આમ પ્રકૃતિમાં ફેર તથા સ્થિતિમાં ફેર પડયો તેનું કારણ શું ? તો કહે છે કે સૌ પોત પોતાની યોગ્યતા મુજબ પરિણમે છે. નિમિત્તના કોઈ દ્રવ્યમાં, નિમિત્તના કોઈ ક્ષેત્રમાં, નિમિત્તના કોઈ ભાવમાં, નિમિત્તની કોઈ એવી પર્યાય કે કાળ નથી કે જે બીજા દ્રવ્યને ફેરવી શકે. ત્રણ કાળમાં કોઈ દ્રવ્યમાં એવું બળ નથી કે તે બીજાને ફેરવી દે. નહિતર લીંબડો આંબો થઈ જશે તથા આંબો લીંબડો થઈ જશે. દરેક દ્રવ્ય પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તદ્રૂપ છે બીજા દ્રવ્યનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તદ્રૂપ નથી. બીજાની અપેક્ષાએ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અવસ્તુ છે. લોકાલોક પોતાની અપેક્ષાએ છે પણ આત્માની અપેક્ષાએ લોકાલોક છે જ નહિ. બીજી ચીજ નિમિત્ત હોય તેથી શું પર્યાય પ્રવાહમાં કાંઈ ફેર પડે છે ? વીરસેન સ્વામી ના પાડે છે. એક પર્યાયના કાળે બીજું દ્રવ્ય બીજી પર્યાય કરી દે તેમ બને નહિ. જો તેમ થાય તો કોઈ મર્યાદા રહે નહિ. અનવસ્થા દોષ આવશે. માટે ત્રણ કાળ ત્રણ લોકના સર્વ પદાર્થોની અવસ્થા પોતાના અંતરંગ કારણથી જ થાય છે. ત્રણ કાળના જેટલા સમયો છે, તેટલા દરેક દ્રવ્યના પર્યાયો છે અને સામે એ પ્રમાણે નિમિત્ત છે. બધું નિશ્ચિત છે.

અહીં સર્વે દ્રવ્યો લીધા છે. એક એક પરમાણું, પોતપોતાના પરિણામ સાથે તાદાત્મ્ય છે. જો નિમિત્ત આવે તો કાર્ય માનવામાં આવે તો વિષમતા આવી જાય છે.

કયા પરિણામ વખતે નિમિત્ત નથી? સદાય નિમિત્ત છે. દરેક પરમાણુ પોતાના પરિણામથી તદ્રૂપ છે. સર્વ દ્રવ્યો પોત-પોતાના પરિણામથી તદ્રૂપ છે. માટે જીવ પરનો કર્તા નથી એમ સિદ્ધ કરવું છે. એક પરમાણુ બીજા પરમાણુનો કર્તા નથી છતાં બીજી ચીજને નિમિત્તકર્તા કહેવી તે ઉપચાર છે. અજ્ઞાનીને ભ્રમણા થઈ જાય છે, તેને કાર્ય-કારણ ભાવનું તથા જ્ઞાતાપણાનું ભાન નથી.

અહીં જીવને સમજાવવું છે. જડને સમજાવવું નથી. જીવ પોતાના પરિણામને સમયે સમયે કરે છે, જીવ કર્તા થઈને નવાં નવાં કાર્ય કરે છે. જ્ઞાયકભાવ તે કર્તા છે અને જાણવા-દેખવાના પરિણામ તે કાર્ય છે. જીવ પોતાના પરિણામરૂપે ઊપજવા છતાં અજીવના કાર્યનો કર્તા થાય એમ બનતું નથી.

અહીં કહે છે કે જીવ પોતાના કાર્યરૂપે પરિણમે છે તે તે સમયે તે નવો ઊપજે છે, ને નવું જાણે છે, તો તેને જડનાં કારણ-કાર્ય છે કે નહિ? ના. વળી એક પરમાણુને બીજા પરમાણુ સાથે કારણ-કાર્ય નથી. અનંતા સ્કંધો જગતમાં છે કે જેને કાળ સિવાય બીજું નિમિત્ત નથી. સૂક્ષ્મ સ્કંધો પરિણમી રહ્યા છે. તેને બહારમાં નિમિત્ત નથી. સ્થૂલ દૃષ્ટિવાળા સંયોગને દેખે છે. સંયોગ હોય તો સ્વભાવ થાય એમ માને છે. એક પરમાણુમાં એક ગુણ ચીકાશ છે. તેમાં બે ગુણ ચીકાશ થાય તો તે કોણે કરી? પોતે સ્વયં તે રૂપે પરિણમે છે. કોઈ બીજાની સાથે તેને કાર્ય કારણ ભાવ નથી.

જીવને પોતામાં કાર્ય-કારણ લાગુ પડે પણ પરમાં જીવ કારણ થાય અથવા પરનું કાર્ય જીવનું કાર્ય થાય એમ સાબિત થતું નથી. બીજી ચીજ ભલે નિમિત્ત હો, પણ તેથી જીવને અજીવ સાથે કારણ-કાર્ય સંબંધ નથી. કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે. ઉત્પાદ્ય એટલે કાર્ય અને ઉત્પાદક એટલે કર્તા એવો કર્તા-કર્મનો અભાવ છે. કુંભાર ઉત્પાદક અને ઘડો ઉત્પાદ્ય એમ બનતું નથી. માટી ઉત્પાદક છે. બીજા દ્રવ્યે ઘડો બનાવેલ નથી. રોટલી ઉત્પાદ્ય છે અને બાઈ ઉત્પાદક છે એમ બનતું નથી.

આ અસાધારણ વાત છે એટલે કે સત્ય છે. સત્ય એક જ હોય, તે અસાધારણ છે. સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક ભાવનો અભાવ છે. દારૂ ઉત્પાદક અને ઘેલછા ઉત્પાદ્ય એવો અભાવ છે. જીવમાં કાળક્રમે ઘેલછા ઊપજે છે ત્યારે દારૂને નિમિત્ત કહેવાય છે. જે જીવ પર્યાયને સ્વતંત્ર ન જાણે તે દ્રવ્યને સ્વતંત્ર માની શકે નહિ.

લોકો કહે છે કે અનાજનું ઉત્પાદન વધારો તો મનુષ્યનો નિર્વાહ થશે, પણ તે

બધો ભ્રમ છે. શિષ્યના ઉત્પાદ્યરૂપી કાર્યના ઉત્પાદક ગુરુ છે જ નહિ. શિષ્યના પરિણામનો ઉત્પાદક શિષ્ય પોતે જ છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે ગુરુને ઉત્પાદક કહેવામાં આવે છે. રોટલીરૂપ ઉત્પાદ્યને વેલણના ઉત્પાદકનો અભાવ છે. રોટલીરૂપ કાર્ય સ્ત્રીના હાથથી કે વેલણથી થતું નથી. રોટલીના પરમાણુ રોટલીના ઉત્પાદક છે. બીજો કર્તા થઈ ને તેનું કાર્ય કરે તેમ બને નહિ.

ગુરુ શિષ્યને સમજાવે અથવા ઉપકાર કરે એમ બનતું નથી. તત્ત્વાર્થસૂત્રમાં 'ઉપકાર'ની વાત કરી છે. ત્યાં નિમિત્તનું જ્ઞાન કરવા માટે કહેલ છે. નૈમિત્તિક દશા અને નિમિત્ત બંને સુનિશ્ચિત છે. નિશ્ચયનું જ્ઞાન કરે તો વ્યવહારનું જ્ઞાન સાચું છે. એકલો વ્યવહાર આંધળો છે. જીવ પોતાના જ્ઞાનનો ઉત્પાદક છે, રાગનો ઉત્પાદક નથી. આવો રાગ લાવું કે ન લાવું એમ આત્માના સ્વભાવમાં છે જ નહિ. પોતાની નબળાઈથી થતાં રાગને જાણતું જ્ઞાન સ્વ-પર-પ્રકાશકપણે ઊપજે છે. આ સમ્યગ્જ્ઞાનની વાત છે. કેવળજ્ઞાનના કક્કાની વાત છે. આ જ દૃષ્ટિથી કેવળજ્ઞાન ઉત્પન્ન થવાનું છે. આ કક્કો શીખે તે કેવળજ્ઞાની થાય. પંડિત બનારસીદાસજી કહે છે–

ચેતનરૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરૌ,
મોહ મહાતમ આતમ અંગ, કિયૌ પરસંગ મહાતમ ઘેરૌ;
ગ્યાનકલા ઉપજી અબ મોહિ, કહૌં ગુન નાટક આગમ કેરૌ,
જાસુ પ્રસાદ સધૈ સિવ મારગ, વેગિ મિટૈ ભવવાસ વસેરૌ."

સિદ્ધ જાણનાર છે, તેમ હું પણ જાણનાર દેખનાર છું–એમ નહિ માનતાં ફેરફાર કરવાની માન્યતાવાળો પાંચ પરમેષ્ઠીને માનતો નથી. પાંચે પદ જ્ઞાતાદ્રષ્ટા છે, તેમ નહિ માનતાં ફેરફાર કરવા માગે તે પોતાના જ્ઞાનસ્વભાવને સમજતો નથી તથા પાંચ પરમેષ્ઠીને સમજતો નથી. કોઈ પૂછે કે આમ માનવાથી તો વ્યવહારનો લોપ થઈ જશે? ભાઈ! જ્ઞાન સ્વભાવે પરિણમતો જીવ વ્યવહાર તથા નિમિત્તને જાણે છે. ખરેખર તો રાગનો અભાવ થઈ જતાં વીતરાગતા થાય છે. કોઈને લીધે કોઈ નથી. માટે વ્યવહારને લીધે નિશ્ચય પ્રગટતો નથી. પુદ્ગલ સ્કન્ધમાં દરેક પરમાણુ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે ઉપજે છે. એક પરમાણુ છૂટો હતો ત્યારે સૂક્ષ્મ હતો ને સ્કન્ધમાં ભળ્યો ત્યારે સૂક્ષ્મ રહ્યો નથી. છૂટો હતો તેવો ત્યાં રહ્યો નથી, પણ પલટી ગયો છે તે પોતાના કારણે પલટેલ છે. જો સ્કન્ધમાં એક પરમાણુ સૂક્ષ્મ રૂપે રહે ને બીજા પણ સૂક્ષ્મ રહે તો સ્થૂલ સ્કન્ધ સાબિત જ નહીં થાય, પણ એમ બનતું નથી. દરેક પરમાણુ પોતાની યોગ્યતાના કારણે સ્થૂલપણે થયો છે. પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને સ્થૂલપણે થયો છે. સ્કન્ધને લીધે નહિ. પાણીમાં જેવો રંગ

નાખવામાં આવે તેવા રંગનું પાણી થઈ જાય છે. માટે નિમિત્તની બળવત્તરતા છે એમ અજ્ઞાની કહે છે. તેને કહે છે કે ભાઈ, તે પરમાણુ પોતાની યોગ્યતાથી તે રૂપે થાય છે, બીજાને લીધે નહિ. એક પરમાણુ સ્કન્ધમાં ભળતાં સ્થૂલરૂપે થાય છે. તેનો ઉત્પાદક તે પોતે છે. તે સ્કન્ધ તેના સ્થૂલપણાનો ઉત્પાદક નથી. વળી જીવ રાગ કરે છે, માટે પરમાણુ કર્મરૂપે પરિણમે છે—એમ નિમિત્તનો પ્રભાવ અજ્ઞાની માને છે, પણ કર્મ પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરિણમે છે. રાગ તો નિમિત્ત માત્ર છે. રાગને લીધે કર્મ પરિણમ્યા એમ કહેવું તે ઉપચાર છે.

પાણી અગ્નિથી ગરમ થાય છે તેમ પ્રત્યક્ષ જોવામાં આવે છે—એમ અજ્ઞાની કહે છે. ભાઈ, જ્ઞાન રાગ અને નિમિત્તના અવલંબન વિના પોતાના કારણે પરિણમી રહ્યું છે. જ્ઞાયકપણે પરિણમી રહ્યું છે. આમ જ્ઞાન પ્રત્યક્ષ થાય ત્યારે તે જ્ઞાન જાણે કે સામેના પદાર્થો પોતાના કારણે પરિણમી રહ્યા છે. બીજી ચીજ નિમિત્ત ભલે હો પણ દરેક દ્રવ્ય પોતાના કારણે પરિણમી રહ્યું છે. સંયોગને લીધે પરિણમે છે—એમ જ્ઞાન જાણતું નથી. પ્રત્યક્ષપણું જ્ઞાનમાં હોય છે પણ જડમાં હોતું નથી.

જ્ઞાનનો તથા જ્ઞેયનો સ્વભાવ જેમ છે તેમ જાણે તો ભ્રમણા ટળે. હું પરનો ઉત્પાદક છું, અથવા રાગનો ઉત્પાદક છું-એમ જ્ઞાનીને ભાસતું નથી. પરને તથા રાગને જાણવાના કાર્યનો ઉત્પાદક પોતે છે-આમ જાણતું જ્ઞાન બધાને જાણી લ્યે છે.

કર્મની સ્થિતિ ઉત્પાદ્ય ને જીવનો વિકારી ભાવ ઉત્પાદક થાય એમ નથી. કર્મના પરમાણુઓ ઉત્પાદક છે ને સ્થિતિ તેનું ઉત્પાદ્ય છે-એમ સમજે તો પરનો ગર્વ ટળે ને પોતાનું કાર્ય પોતાને આધીન છે એમ સમજે ને તેથી જ્ઞાયકભાવ રહે. એક દ્રવ્ય કારણ ને પર તેનું કાર્ય-એવો કારણ-કાર્ય ભાવ કોઈ રીતે સિદ્ધ થતો નથી. [ક્રમશઃ]

---

સમયસારની પહેલી ગાથામાં જ કહ્યું કે અનંતા સિદ્ધોને મારા જ્ઞાનમાં સ્થાપું છું. ઉપર સિદ્ધલોકમાં અનંતા સિદ્ધો તો છે જ પણ એથી પોતાને શું? તેથી કહ્યું કે મારા જ્ઞાનમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું-પધરાવું છું. આહાહા! પહેલી ગાથામાં જ આ વાત નાખી છે; રાગ છે ને અલ્પજ્ઞતા છે તેને યાદ ન કર્યો પણ પૂર્ણતાનું સ્થાપન કર્યું. —પૂજ્ય ગુરુદેવશ્રી

જુદી છે પણ બંનેના કાળ અને ક્ષેત્ર એક જ હોવાથી અજ્ઞાનીને તે બંને એક જ છે એમ લાગે છે.

વ્રત, તપ, ઉપવાસ, ભક્તિ આદિ બધા ભાવો રાગ છે એટલે કે ચેત્ય છે અને આત્મા ચેતક છે. તેથી ચૈત્યને જાણે છે પણ ચેત્ય અર્થાત્ રાગ ચેતક રૂપ થઈ જતો નથી. બંને ચીજ જ જુદી છે. બંનેનું ક્ષેત્ર એક છે, કાળ એક છે પણ ભાવ ભિન્ન છે. રાગ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. જ્ઞેય અને જ્ઞાયક બંને એક નથી. બંને એક સાથે ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીને ભ્રમ ઊપજે છે કે રાગ પણ મારી ચીજ છે.

આમાં રાગ એટલે વ્યવહાર ઉડી જતો નથી. રાગ તો છે પણ તે માત્ર જણાવાયોગ્ય છે. રાગ અને જાણનાર બંને એક નથી એમ કહેવું છે. રાગથી જાણનારો જુદો છે અને જાણનારથી રાગ જુદો છે. શરીર વાણી આદિની વાત તો અહીં નથી લીધી કેમ કે એ તો તદ્દન જુદી પરવસ્તુ છે. પરવસ્તુને આત્મા પોતાની માને તો એ કાંઈ પોતાની થતી નથી પણ રાગને તે પોતાનો માની શકે છે, ભલે, રાગ પોતાનો થતો નથી પણ અજ્ઞાની તેને 'મારો છે' એમ માની શકે છે.

રાગાદિક એટલે રાગ, દ્વેષ, રતિ, અરતિ, વિષય વાસના આદિ ભાવ તે ચેત્ય અને ચૈતન્યની અતિ નિકટતા હોવાના કારણે એક જેવા લાગે છે પણ તેને જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ નથી. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એવો સંબંધ પણ નથી. હા. વ્યવહાર આવે છે, હોય છે પણ તે ચેતકને માત્ર જાણવાલાયક છે. ચેતક તો જાણનાર-દેખનાર છે એ ઉપરાંત તેને રાગનો કર્તા માને તો મિથ્યાત્વ થશે. આત્માને રાગનો કરનાર માન્યો તેણે ચૈતન્યને મારી નાખ્યો. ભયંકર ભાવમરણ ઊભું કર્યું.

આ જુવાનિયાઓને જલ્દી પકડાય તેવી વાત છે. વૃદ્ધોને તો જૂના આગ્રહો ઘણાં હોય તે છોડવા આકરાં પડે. એક લીટીમાં પણ આચાર્યદેવે કેટલું ભરી દીધું છે!

પંચપરમેષ્ટીનું સ્મરણ એ પણ રાગ છે. આનુપૂર્વમાં અક્રમે પંચપરમેષ્ટીનું સ્મરણ કરે છે ને! એ રાગ છે. આત્માને તે જણાવવાયોગ્ય છે. તે જાણનાર નથી. આત્માને તે જણાય છે, રાગ જણાવાયોગ્ય છે અને આત્મા જાણનાર છે એમ જણાય છે. જ્યારે આત્મા પોતાના જ્ઞાયકસ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તો રાગ ઉત્પન્ન જ થતો નથી તેથી તેણે રાગને છોડયો એમ કહેવાય છે.

કોઈને એમ થાય કે આવું કયાંથી કાઢયું? આવું વીતરાગમાર્ગમાં હોય?-હા. આ બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદઆચાર્યે લખેલું સમયસાર શાસ્ત્ર છે. સીમંધર ભગવાન

મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે તેમની પાસે આ કુંદકુંદઆચાર્ય આઠ દિવસ રહી આવ્યા છે. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યું છે અને શાસ્ત્રના ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય ભલે ભગવાન પાસે ગયા ન હતાં પણ આત્મભગવાન પાસે જઈને તેમણે આ ટીકાની રચના કરી છે. એક લાઈનમાં પણ કેટલું ભર્યું છે! રાગાદિક અને ચૈતન્ય એ બંનેનું એક સાથે જ એક સમયે ઊપજવું થાય છે કેમ! કેમ કે તેને જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. જે સમયે રાગ થાય છે એ જ સમયે જ્ઞાનમાં તે જણાય છે પણ તેથી કાંઈ તે એક દ્રવ્ય નથી. રાગ થાય છે માટે તે જણાય છે એમ પણ નથી. જ્ઞાનની પર્યાયનો જાણવાનો સ્વભાવ છે તેથી, રાગ જ્ઞાનમાં જણાય છે. જ્ઞાનનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ છે તેથી જ્ઞાનની પર્યાયમાં રાગ જણાય છે. તેથી આત્માને 'જાણનાર' અને રાગને 'જણાવાયોગ્ય' કહેવાય છે.

ખરેખર તો આત્મા પોતે જ પોતાની પર્યાયને જાણે છે. જાણવાની પર્યાય પોતાના કર્તા, કર્મ, કરણથી સ્વતંત્રપણે ઉભી થાય છે. તેમાં જે જણાય છે એવા રાગાદિ કે દ્રવ્ય, ગુણના કારણે તે થતી નથી. રાગ તો માત્ર જણાવાયોગ્ય છે તેને પોતાનો માનવો તે મિથ્યાત્વ છે અર્થાત્ આત્માના સ્વરૂપની હિંસા છે. જાણનાર ચૈતન્ય અને જણાવાયોગ્ય દયા, દાન, વ્રતાદિભાવ કે હિંસા આદિ ભાવ બંને જુદી ચીજ છે. રાગ અને જ્ઞાન એક સાથે ઉપજે છે તે એકદ્રવ્યપણાને લઈને નહિ પણ જ્ઞેય-જ્ઞાયક સંબંધની નિકટતાના કારણે અજ્ઞાનીને તે એક જેવા લાગે છે પણ એક નથી.

જેમ, દીપક વડે પ્રકાશવામાં આવતાં ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે—ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહિ. જેમ દીવો પોતાના સ્વ-પરને પ્રકાશવાના સ્વભાવને જ પ્રકાશે છે બીજાને પ્રકાશતો નથી અર્થાત્ ઘટાદિક પદાર્થો કાંઈ દીવામાં આવતા નથી. દીવો તો પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. તેમ, આત્માનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ હોવાથી આત્મા સ્વને અને પરને પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. આત્મા પોતાને જાણે છે અને રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિભાવ થાય છે તેને પણ જાણે છે એ તેની જ્ઞાનની પર્યાયને જ પ્રકાશે છે.

દીવો બીજી ચીજને પ્રકાશતો નથી કારણ કે તે બીજી ચીજમાં પ્રવેશતો નથી. પોતે પોતામાં રહીને પ્રકાશે છે એટલે કે દીવાના પ્રકાશને જ દીવો પ્રકાશે છે. તેમ, આત્મા રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધાદિ પરિણામોને તેમાં પેસીને જાણતો નથી—

પહેલાં એમ કહ્યું હતું કે આત્મા જાણનાર છે અને રાગાદિ તેમાં જણાવાયોગ્ય છે પણ હવે કહે છે કે રાગાદિ જણાવાયોગ્ય છે એ પણ વ્યવહાર છે. ખરેખર તો આત્મા પોતાની દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાને અને રાગને પ્રકાશે એવી પોતાની પર્યાયની દ્વિરૂપતાને પ્રકાશે છે એ પોતાનો પ્રકાશ છે.

આ ઝીણી પડે તેવી વાત છે પણ મારગ તો આ છે. પ્રભુ! એકવાર સાંભળ! તું એક ચૈતન્ય છો ને! તારો સ્વભાવ જાણવા-દેખવાનો છે ને! તો એ માત્ર સ્વને જ જાણે કે પરને પણ જાણે!— સ્વ-પર બંનેને જાણે એવો તારો સ્વભાવ છે તો એ પર્યાયમાં પોતાના સ્વ-પર-પ્રકાશક સ્વભાવને પ્રકાશે છે. તારું સ્વ-પર-પ્રકાશપણું તને પોતાને પ્રકાશે છે. રાગાદિ જ્ઞેયને આત્મા જાણે છે એમ કહ્યું હતું કેમ કે રાગાદિ જાણવામાં આવે છે પણ ખરેખર તો એ પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. પોતાની સ્વ-પર-પ્રકાશક શક્તિ છે તેને જ પોતે વિસ્તારે છે-પ્રકાશે છે. રાગાદિ જ્ઞેયને વિસ્તારતો નથી-પ્રકાશતો નથી. પરસંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે.

અહીં આત્માના ગુણની મર્યાદા બતાવી છે કે તે પોતાના સ્વ-પર-પ્રકાશક સ્વભાવને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. અર્થાત્ જ્ઞાન પરને જાહેર કરતું નથી પણ પોતાના સ્વ-પ્રકાશપણાને જાહેર કરે છે. પહેલાં કહ્યું હતું કે આત્મા ચેતક છે અને રાગ ચેત્ય છે. એક જ સમયે અને એક જ ક્ષેત્રમાં રાગ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે પણ તે બંને એક નથી. જ્ઞાનમાં રાગ જણાવાયોગ્ય છે. હવે કહે છે કે એ રાગનું પ્રકાશવું નથી પણ આત્માના જ્ઞાનનો જ એ પ્રકાશ છે પોતાના સ્વ-પર-પ્રકાશપણાને જ જ્ઞાન પ્રકાશે છે.

જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન જ્ઞેયમાં તન્મય થતું નથી. જ્ઞેય સંબંધીના પોતાના જ્ઞાનમાં આત્મા તન્મય છે. જ્ઞેયમાં તન્મય નથી. તેથી, જ્ઞાનમાં પોતાનો સ્વ-પર-પ્રકાશક સ્વભાવ જ વિસ્તરે છે, તેમાં પરનો વિસ્તાર નથી.

આ બધું સમજવા માટે વખત (સમય) મેળવવો પડશે.

ચૈતન્ય એક ચમત્કારીક વસ્તુ છે. કારણ કે એ પોતામાં રહીને અનંત જ્ઞેયોને પ્રકાશે છે તેમાં ખરેખર જ્ઞેયો પ્રકાશતાં નથી પણ પોતાની જ્ઞાનપર્યાયની આવી શક્તિ છે તે પ્રકાશે છે. પોતાની પર્યાયની અનંતતા પ્રકાશે છે. આ દિલ્હી, કલકત્તામાં મળે તેવી વાત નથી. ત્યાં તો ધૂળ મળે પણ આ તત્ત્વ ન મળે.

પ્રભુ! તું કયાં છો? કેવડો છો? કે—હું મારામાં જ છું. જે જણાય છે એવા જ્ઞેયોમાં હું નથી. હું મારી સ્વ-પર-પ્રકાશક પર્યાયમાં રહેલો છું. આહાહા...! ગજબ છે ને! સંતોએ ટૂંકી અને સાદી ભાષામાં ચૈતન્ય ચમત્કારને ખુલ્લો મૂકી દીધો છે.

આ બધું જણાય છે તે જણાય છે ને!—ના. મારો સ્વભાવ પ્રકાશે છે. આ ચીજો અને સૂક્ષ્મપણે લ્યો તો રાગ—એ કાંઈ મારા જ્ઞાનની અંદર આવતું નથી અને મારું જ્ઞાન તેમાં જતું નથી. એ ચીજોને લઈને મારું જ્ઞાન પ્રકાશતું નથી. અનંતને પહોંચી વળે તો અનંતને જાણે એમ નથી. ત્રણકાળને પહોંચી વળે તો ત્રણકાળને જાણે એમ નથી, પોતાની પર્યાયમાં અનંતને અનંતપણે જાણી લેવાનો સ્વભાવ છે. તેમાં પરનો પ્રકાશ નથી, પોતાની પર્યાયનો જ પ્રકાશ છે. પરને તો આત્મા અડતો પણ નથી. આવું સ્વરૂપ છે.

અરે ચોરાશીના અવતારમાં અનંત જન્મ-મરણ કરી કરીને મરી ગયો છે પણ હજુ થાક્યો નથી. હજુ એની નજર બહાર જ ફર્યા કરે છે. બહારથી પાછો ફરતો નથી. એક તો, બહારમાં કરવાની બુદ્ધિ છે, બીજી, બહારમાં જાણવાની નજર છે. પછી મારામાં જણાય છે તે પરજ્ઞેય જણાય છે એ ત્રીજી વાત અને મારામાં જણાય છે તે હું જણાઉં છું એ ચોથી વાત.

અરે! આ મનુષ્યદેહ તો ચાલ્યો જશે. દેહની તો રાખ થઈને ઊડી જશે.

રજકણ તારાં રખડશે, જેમ રખડતી રેત,
પછી નરતન પામીશ ક્યાં? ચેત ચેત નર ચેત...

પ્રભુ! આ મનુષ્યપણું હારી ગયા પછી અનંતકાળે પણ મળવું દુર્લભ છે. ઢોરમાં ચાલ્યો જઈશ. સિંહાદિ થઈને માસ ખાઈને નરકમાં અને નરકમાંથી નીકળી ઢોર (પશુ)માં... આવા અનંત અવતાર કરીને અહીં આવ્યો છો. અત્યારે આ મૂળ ચીજ સમજી લેવાનો અવસર છે ત્યારે, અમને સમજાય નહિ, અમને ઝીણી પડે એમ કરીને તેને કાઢી નાંખી અને જગતની ચીજ કે જે ખરેખર જણાવાલાયક નથી તેમાં ઊંડો ઉતરી ગયો...

શ્રોતા:— એ સહેલું પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—એ સહેલું માને છે, સહેલું નથી. સહેલું અને સરળ તો આ પોતાનું તત્ત્વ છે. જાણનારો ભગવાન આત્મા ક્ષણે ક્ષણે પોતાને અને પરને પોતાના કારણે પ્રકાશે છે.

'સ્વ-પર પ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી,
જ્ઞેય શક્તિ દ્વિવિધા, પરકાશી, નિજરૂપા, પરરૂપા ભાસી.'

સ્વજ્ઞેય અને પરજ્ઞેય બંનેને પોતાના પ્રકાશથી પ્રકાશે છે તે ખરેખર પોતાની પ્રકાશકશક્તિનો પ્રકાશ છે, પરજ્ઞેયનો પ્રકાશ નથી. પોતાનું અસ્તિત્વ જ એવા મોટા

સામર્થ્યવાળું છે કે તે પોતામાં રહીને પરને અડયા વિના અનંત પરવ્યને પ્રકાશે છે એવો પોતાનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે તેને પ્રકાશે છે તે પરપદાર્થનો પ્રકાશ નથી પણ પોતાનો જ પ્રકાશ છે.

આજનો પારિયાફ આખો સરસ છે. આત્માં ઘણું ભર્યું છે. જેમ, દીવાના પ્રકાશમાં ઘડો, સર્પ; વીંછી આદિ જણાય છે તે દીવાના પ્રકાશપણાને જાહેર કરે છે. તેમ જાણવામાં આવતાં રાગાદિભાવો આત્માના ચેતનપણાને જાહેર કરે છે, રાગને નહિ. રાગ તો આંધળો છે. તેનામાં જાણવાની શક્તિ જ નથી. જ્ઞાનમાં જાણવાની શક્તિ છે તેથી રાગને જાણે છે માટે, રાગ જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે. –આત્માના ચેતકપણાને જાહેર કરે છે, રાગાદિપણાને નહિ.

ચૈતન્યનું 'સ્વ–પર–પ્રકાશપણું' વિશાળ છે. ચૈતન્યની સત્તા વિશાળ છે. ચૈતન્યના પ્રકાશમાં ચૈતન્યનો પ્રકાશ જ જાહેર થાય છે. રાગાદિ આત્માની નજીકમાં નજીક–એક જ ક્ષેત્રે ઉત્પન્ન થાય છે પણ આત્મા તેને જાહેર કરતો નથી. આત્મા તો પોતાને અને રાગ તથા પરને પ્રકાશે એવી પોતાની શક્તિની દ્વિરૂપતાને પ્રકાશે છે એટલે કે પોતાને જ જાહેર કરે છે. પોતાના ચેતકપણાને જ જાહેર કરે છે, જે જણાય છે એવા રાગાદિને અને પરને જાહેર કરતો નથી. પર અને રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં થયું છે તે જણાય છે.

આહાહા... ! સંતોની શૈલી ! જે વાત સિદ્ધ કરવી છે તેને બરાબર સિદ્ધ કરે છે. 'જ' શબ્દ પડયો છે ને ! આત્મા પરને તો જાહેર કરતો નથી પણ એક ક્ષેત્રે અને એક જ સમયમાં પોતાના જ્ઞાનની સાથે ઉત્પન્ન થયેલા રાગને પણ જાહેર કરતો નથી. પોતાના ચેતકપણાને 'જ' જાહેર કરે છે.

આ ત્રણલોકના નાથની વાણી છે, મુનિઓ ભગવાનની વાણી કહી રહ્યાં છે.

બીજી ચીજો તો જ્ઞાનની સાથે ઉત્પન્ન થતી નથી અને તેનું તો ક્ષેત્ર પણ જુદું છે પરંતુ આ રાગ, દ્વેષ, વિકાર ભાવ તો જ્ઞાનની સાથે એક જ સમયે અને એક જ ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે છતાં જ્ઞાન તેને જાહેર કરતું નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર કે ધંધો આદિ તો પર છે તે તો દૂર રહી ગયા, તેની તો વાત જ નથી પણ એક સાથે ઉત્પન્ન થતાં રાગને જ્ઞાન પ્રકાશે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર જ્ઞાન પોતાના પ્રકાશને પ્રકાશે છે. ચૈતન્યની સ્વ–પર પ્રકાશક શક્તિને જ્ઞાન પ્રકાશે છે, પરને પ્રકાશે છે એમ નહિ. આવી વાત છે ભાઈ !

જે ચીજ પરક્ષેત્ર, પરકાળ અને પરભાવમાં છે તેની તો વાત જ નથી. અહીં

તો પોતાના જ ક્ષેત્રમાં અને એક જ કાળમાં ઉત્પન્ન થતાં રાગને પણ જ્ઞાન પ્રકાશતું નથી.

આમ હોવા છતાં, તે બંનેની (આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી અજ્ઞાનીને અનાદિકાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.

વસ્તુસ્થિતિ તો આમ છે કે રાગથી આત્મા તદ્દન ભિન્ન છે છતાં નિકટતા એટલી બધી છે કે અજ્ઞાનીને તેમાં ભેદ પડતો નથી. તેને તો તદ્દન ભિન્ન એવા શરીરથી ભેદજ્ઞાન કરવું પણ અઘરું પડે છે. શરીર તો માટી છે અને આત્મા તો ચૈતન્ય છે. અહીં તો જ્ઞાનની સાથે જ ઉત્પન્ન થતાં રાગ અને દ્વેષ, દયા અને દાન, વ્રત અને ભક્તિના ભાવ પણ જ્ઞાનથી જુદી ચીજ છે તેથી જ્ઞાન તેને પ્રકાશતું નથી પણ જ્ઞાન પોતાના પ્રકાશપણાને જ પ્રકાશે છે. આવી વસ્તુની સ્થિતિ હોવા છતાં—વસ્તુની મર્યાદા આમ હોવા છતાં ભેદજ્ઞાન અભાવને કારણે અજ્ઞાનીને રાગ અને આત્મા જુદા છે એમ જણાતું નથી.

આત્મા પોતાને જ પ્રકાશે છે એવી વસ્તુસ્થિતિ છે છતાં અજ્ઞાનીને ભેદજ્ઞાન નહિ હોવાથી એક જ ક્ષેત્રે ઉત્પન્ન થતો રાગ એ મારું કર્તવ્ય છે. રાગ મારો જ છે એવી ભ્રમણા અનાદિથી અજ્ઞાનીને થઈ રહી છે. આ ભ્રમણા 'પ્રજ્ઞા' વડે જ અવશ્ય છેદાય છે એટલે કે જ્ઞાનની પર્યાયને પોતાના તરફ વાળતાં રાગથી જુદો પડી જાય છે. પ્રજ્ઞા વડે રાગ અને જ્ઞાનની પર્યાય તદ્દન જુદી પડી જાય છે. બીજો કોઈ ઉપાય નથી.

ઉત્પાદ-વ્યય વિનાકા ધ્રુવ આત્મા, વો હી વાસ્તવિક આત્મા હૈ. એક સમયકા ધ્રુવ વો હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ. એક સમયકી શુદ્ધ પર્યાય વો વાસ્તવિક આત્મા નહીં એટલે અવાસ્તવિક હુવા. અવાસ્તવિક વો હી પરદ્રવ્ય હુઆ, ઇસસે પરભાવ કહા, હેય કહા.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જ પ્રત્યક્ષ આત્માનો અનુભવ

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૮ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના આ કર્તા-કર્મ- ક્રિયા દ્વારનું ૨૯મું પદ્ય છે. તેમાં બનારસીદાસજી જ્ઞાનીનો આત્માનુભવમાં કેવો વિચાર હોય છે તે કહે છે—

जैसैं महा रतनकी ज्योतिमैं लहरि उठै,
जलकी तरंग जैसैं लीन होय जलमैं ।
तैसैं सुद्ध आतम दरब परजाय करि,
उपजै बिनसैं थिर रहै निज थलमैं ॥
ऐसै अविकलपी अजलपी आनन्द रूपी,
अनादि अनन्त गहि लीजै एक पलमैं ।
ताकौ अनुभव कीजै परम पीयूष पीजै,
बन्धकौ विलास डारि दीजै पुद्गलमैं ॥ २९ ॥

અર્થ:—જેવી રીતે ઉત્તમ રત્નની જ્યોતિમાં ચમક ઉત્પન્ન થાય છે અથવા જળમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાઈ જાય છે, તેવી જ રીતે શુદ્ધ આત્મા, પર્યાય અપેક્ષાએ ઊપજે અને નાશ પામે છે તથા દ્રવ્ય અપેક્ષાએ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે એવા નિર્વિકલ્પ, નિત્ય, આનંદરૂપ, અનાદિ, અનંત, શુદ્ધ આત્માનું સ્વરૂપ તત્કાળ ગ્રહણ કરો. તેનો જ અનુભવ કરીને પરમ અમૃતરસ પીઓ અને કર્મબંધના વિસ્તારને પુદ્ગલમાં છોડી દો.

ભગવાન આત્મા, અખંડાનંદ ધ્રુવ ચૈતન્યસ્વરૂપ છે તેની સન્મુખ થઈને અને રાગાદિ વિકલ્પથી વિમુખ થઈને વસ્તુના સ્વભાવનો અનુભવ કરે ત્યારે તેને ધર્મ થાય અને ત્યારે જ તેની મુક્તિના ઉપાયની શરૂઆત થાય.

જેમ; કોઈ મહારત્નમાં ચમક ઊઠે છે તે તેમાં જ સમાય છે. ચમક ઊઠે...સમાય. એમ રત્નમાં જ ચમકનું ઉઠવું અને સમાવું થાય છે. જેમ સમુદ્રમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાય જાય છે. પાણી તો કાયમ છે અને ક્ષણે ક્ષણે તેમાં તરંગ ઊઠે છે અને તેમાં જ સમાય છે તેમ, શુદ્ધાત્મદ્રવ્યમાં પર્યાયો ઊપજે છે અને વિણસે છે પણ જ્ઞાયકભાવ સદાય એવો ને એવો એકરૂપ રહે છે.

ધર્મી ધર્મ કરવાના કાળમાં આવો વિચાર કરે છે અને પછી અનુભવે છે કે હું શુદ્ધ જ્ઞાન અને આનંદથી ભરેલો જ્ઞાયકભાવ છું. વસ્તુરૂપે તો હું ત્રિકાળ એકરૂપ ધ્રુવ છું અને મારી પર્યાયમાં ઉપજવું-વિણસવું થાય છે. પાણીનો તરંગ ઉત્પન્ન થાય અને તેમાં સમાય, પાણીપણું કાયમ રહે તેમ, જ્ઞાયકભાવ એવો ને એવો રહે છે. જેમ રત્નની ચમક જબક—જબક થાય અને તેમાં સમાય છે અને રત્ન એવું ને એવું રહે છે તેમ આ નિર્મળાનંદ ચૈતન્યરત્ન તદ્દન શુદ્ધ છે અને તેમાં વર્તમાન નિર્મળદશા ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે, ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે. આવું મારું સ્વરૂપ છે. રાગ ઉત્પન્ન થાય અને વિલય પામે એ મારી ચીજમાં નથી. જે સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિની પર્યાય પ્રગટ થાય છે તે બીજાં સમયે અંદર સમાય જાય છે એ બધું પોતાના સ્વક્ષેત્રમાં જ ઉપજવું અને સમાવું થાય છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો છે પણ તે આત્મા નથી અને આત્માની અનુભૂતિનું સાધન પણ નથી, એ તો વિભાવભાવ છે.

મૂળ ચીજ શું છે તે ખબર નથી તેથી ધર્મ થતો નથી. શાક લેવા જાય તો કયું શાક લેવું છે એ ખબર તો પડવી જોઈએ ને! જેઠ મહિનો છે, કેરીની મોસમ છે તો રસ સાથે કારેલા. ભળશે એમ ખબર હોય તો કારેલાંનું શાક લઈને આવે. કાપડ લેવા જાય ત્યાં કોના માટે, શું ભાવનું, કેવું કાપડ લેવું છે તે બધી ખબર પડતી હોય તે માણસ કાપડ લઈને આવે તેમ, ચૈતન્યરસથી ભરેલો આત્મા છે તે જ હું છું, આ શરીર, વાણી અને મનનું પરિણમન છે તે મારું નથી એમ જે સમજતો હોય તે તેની સન્મુખ થઈને, રાગથી વિમુખ થઈને અનુભૂતિ પામી શકે બાકી જેને હજુ વસ્તુના સ્વરૂપની જ ખબર નથી તે તેની અનુભૂતિ કરી શકતો નથી. દુનિયાના કામમાં મૂર્ખાઈ ચાલતી નથી તો આત્માના કામમાં મૂર્ખાઈ કેમ ચાલે! વસ્તુના સ્વરૂપની ખબર ન હોય અને મારે ધર્મ કરવો છે...એમ ધર્મ ન થાય ભાઈ!

'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તમ્ સત્' છે એમ વસ્તુના સ્વરૂપની ખબર હોય તે એમ સમજી શકે છે કે હું મારા સ્વરૂપે ધ્રુવ છું અને તેની દૃષ્ટિ અને તેમાં સ્થિરતા કરતાં જ્ઞાન-આનંદની દશા અંદરથી પ્રગટ થાય છે અને તેમાં જ સમાય છે એવું મારું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છે અને મારી વસ્તુમાં અનંત શક્તિ વસેલી છે. હું ખાલી નથી, ભરચક ભરેલો છું એમ પોતાના સ્વરૂપને સમજે છે તે તેની સન્મુખ થઈને એવા સ્વરૂપને અનુભવી શકે છે. આવા અનંત ગુણસંપન્ન આત્મામાં નિર્મળ દશા પ્રગટ થાય અને તેમાં સમાય એટલો જ આત્મા છે. રાગ ઉત્પન્ન થાય અને સમાય એ વસ્તુનું સ્વરૂપ નથી.

આત્મા એકલો જ્ઞાનનો સૂર્ય છે. તેમાં એકાગ્ર થતાં જે નિર્મળ વીતરાગી અવસ્થા પ્રગટ થાય તે તેની અવસ્થા છે. એ અવસ્થા બીજાં ક્ષણે અંતરમાં સમાય જાય છે અને નવી અવસ્થા પ્રગટ થાય છે. એ જ આત્માનું કાર્ય છે. રાગરૂપે પરિણમવું કે પરના કામ કરવા એ આત્માનું કાર્ય નથી. અજ્ઞાનીને એમ થાય કે આત્મા વિના કાંઈ જડના કાર્ય થઈ ન શકે. આત્મા કરે તો જ થાય. ધંધામાં પાંચ પચાસ હજાર કમાય અને વાપરે તો એમ થાય કે દીકરો ભારે કર્મી જાગ્યો છે, કુટુંબને ઉજાળ્યું...ભાઈ ! એ કર્મી, દીવો લઈને કૂવામાં પડે છે અને તમે પણ સાથે કૂવામાં પડો છો એવો એ કર્મનો કરનારો કર્મી છે.

'ધર્મ' એટલે આત્માની વીતરાગી નિર્મળ નિર્દોષ દશા છે. તો એ દશાનો ધરનારો આત્મા કેવો છે તેનું ત્રિકાળ સ્વરૂપ શું છે અને ઉત્પન્ન-વિલય થવાપણું કેવી રીતે છે એ પ્રથમ જ સમજવું જોઈએ. મૂળ સ્વરૂપ સમજ્યા વિના સામાયિક કરે, પ્રતિક્રમણ કરે કે પૌષધ કરે તેનાથી કાંઈ આત્માનો ધર્મ પ્રગટ ન થાય. આ જીવે બહારથી સાધુપણા તો અનંતવાર લીધા છે પણ ભવનો અભાવ કદી થયો નથી. માટે નક્કી થાય છે કે રાગ ભલે મંદ હોય તોપણ આત્માની પ્રાપ્તિનું સાધન થતો નથી. કારણ કે રાગ પોતે અચેતન છે તે ચેતનનું કાર્ય કરવામાં સાધન કેવી રીતે થાય ?

એક જગ્યાએ આઠ રતિભારનો ૮૦,૦૦૦નો હીરો જોયો હતો. એની ચમક કોઈ જુદી જ હતી અને તેને રાખવાની ડબી પણ જુદી હતી. તેમ આ ચૈતન્યરત્નની ચમક કોઈ અલૌકિક છે તે રત્ન આ શરીરરૂપ ડાબલામાં રહેલું છે પણ શરીરથી એ ચીજ જુદી છે. ચૈતન્યમાં તો અનંત અનંત આનંદ આદિ શક્તિઓ ભરી છે. ચૈતન્ય એક અસંખ્યપ્રદેશી વસ્તુ છે. તેમાં, અનંત ગુણ ધ્રુવરૂપે છે. તેથી ગુણો તો કાયમ રહે છે અને તેમાં એકાગ્ર થતાં નવી નવી નિર્મળ પર્યાયો ઉત્પન્ન થાય છે અને તેમાં જ સમાય છે. આત્મામાં એકલો 'જ્ઞાન' ગુણ જ નથી પણ એવા તો અનંતગુણ છે. જ્ઞાનગુણની પ્રધાનતાથી આત્માને જ્ઞાનસ્વરૂપ કહેવાય છે પણ તે જ આત્મા શ્રદ્ધા, ચારિત્ર, વીર્ય આદિ અનંત ગુણસ્વરૂપ એક ધ્રુવ વસ્તુ છે. જેમ, મીઠાશ તે સાકર એમ કહેવાય પણ સાકરમાં મીઠાશ ઉપરાંત સફેદાઈ, સુંવાળપ વગેરે બધાં ગુણો સાકરમાં રહેલાં છે.

જે જાણે છે, નિર્ણય કરે છે, સ્વતંત્રપણે જાણવા-દેખવાનું કાર્ય કરે છે એવા આત્માના નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ ઉપર નજર કરતાં નિર્મળદશા પ્રગટ થાય છે. તેવા ધર્મીને રાગ થાય છે તેને પણ તે જાણે છે. રાગ મારો છે એમ માનતા નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ થઈ તે જ મારો ધર્મ છે. તે દશા નવી ઉત્પન્ન થાય છે માટે તેને પર્યાય કહેવામાં આવે છે. પર્યાય એક સમય રહીને

બીજા સમયે વ્યય થાય છે પણ વ્યય થઈને ક્યાંય બહાર જતી નથી, અંદરમાં જ જાય છે. દરિયાનું મોજું ઊઠીને દરિયામાં સમાય તેમ દ્રવ્યની પર્યાય ઊઠીને દ્રવ્યમાં જ સમાય છે. તેને શરીર, વાણી, મન કે પુણ્ય-પાપના વિકલ્પ સાથે કાંઈ સંબંધ નથી. તેથી ધર્મી તેને પોતાનું સ્વરૂપ માનતા નથી.

શુદ્ધાત્માના આશ્રયે શાંતિની, આનંદની, સ્વચ્છતાની, વીતરાગતાની, જ્ઞાનની, શ્રદ્ધાની વગેરે જે પર્યાય થાય છે તે બધી એક સમયે થાય છે અને બીજા સમયે સમાય જાય છે ત્યાં બીજા સમયે બીજી પર્યાયો ઉત્પન્ન થાય છે એમ ઉત્પાદ-વ્યય અને ધ્રુવપણું રાખતી વસ્તુ પોતે સદા સ્થિર રહે છે. આવું વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિના ધ્યાન કરવા બેસશે તે ધ્યાન કરી નહિ શકે કેમકે સ્વરૂપની સમજણરૂપ પાત્રતા કેળવ્યા વિના ધ્યાન કેવી રીતે થાય!

**ऐसे अविकल्पी अजलपी आनन्दरूपी अनादि अनन्त गहि लीजै एक पलमैं।**

આત્મા કેવો છે?—અવિકલ્પી છે. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ તે આત્માનો નથી માટે આત્મા અવિકલ્પી છે—રાગ વિનાનો નિર્વિકલ્પ ચીજ છે. અજલ્પી છે અર્થાત્ જલ્પ વિનાનો સ્થિરબિંબ પ્રભુ છે. મેરુપર્વત જેમ કોઈથી ચલાવ્યો ચલિત થતો નથી એવો સ્થિર છે તેમ શુભાશુભ ભાવોથી આત્માને નુકશાન ન પહોંચે અને કેવળજ્ઞાનથી વૃદ્ધિ ન થાય એવો આત્મા ધ્રુવ સ્થિરબિંબ છે. શુભભાવ હો કે અશુભભાવ હો તેનાથી ધ્રુવ આત્મતત્ત્વમાં કાંઈ બગાડ થઈ જતો નથી અને પર્યાયમાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય તોપણ ધ્રુવમાં કાંઈ વૃદ્ધિ થઈ જતી નથી એવો આત્મા અનાદિ અનંત ધ્રુવ છે, અચળ અને અવિચળ છે.

વળી આત્મા કેવો છે?—'આનંદરૂપી' છે. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પો તેમાં નથી માટે તેને કાંઈ દુઃખ નથી. એ તો આનંદરૂપ છે. અરે! પણ આવો આત્મા કેમ મળે! અમારી નજર તો આનંદરૂપ આત્મામાં પહોંચતી નથી. ભાઈ! એ નજર પહોંચાડવા માટે ઘણી પાત્રતા જોઈએ. સમજણ, વિચારણા, સ્વાધ્યાય, સત્સમાગમ આદિ વડે પાત્રતા કેળવીને અંદર જોવા જાય તો આ સ્વરૂપ સમજાય તેવું છે.

આત્મા તો અતીન્દ્રિય આનંદનું ઢીમ છે. જેમ પૂરણપોળીમાં જ્યાં જુઓ ત્યાં પૂરણનો માલ ભરેલો છે તેમ આખા આત્મામાં આનંદનો માલ ભરેલો છે. અરૂપી પણ વસ્તુ છે ને! તેમાં અતીન્દ્રિય આનંદનો કસ રહેલો છે. તે ક્યારથી છે?—કે અનાદિથી છે અને અનંતકાળ રહેવાનો છે. વસ્તુ કોઈ નવી થતી નથી. અનાદિથી

છે...છે...છે...વસ્તુ નવી થતી નથી અને નાશ પામતી નથી એટલે અનંત અનંતકાળ રહેવાની છે. આવા અનાદિ-અનંત આનંદરૂપ આત્માને એક પળમાં ગ્રહણ કરી લ્યો. આમ ધર્મીનો વિચાર હોય છે અને તે જ વિચાર બીજાને સમજાવે છે.

આત્માને ત્રિકાળી કહેતાં તેના ત્રણ ભેદ પડી જતાં નથી. ત્રિકાળી કહેતાં એને આદિ અને અંત નથી. સદાય છે...છે...છે...એવું ત્રિકાળી સ્વરૂપ છે. તેમાં ભૂત-વર્તમાન-ભાવિનો ભેદ નથી.

આવા આત્માને અંતરમુખ થઈને એક પળમાં ગ્રહણ કરી લે! એ જ કરવા જેવું છે. બાકી બધાં તો ચોરાશી લાખ યોનિમાં રખડવાના રસ્તા છે. અનાદિનો આત્મા આવો ને આવો હોવા છતાં પોતાના ભાન વિના ભૂત જેવો થઈ રહ્યો છે, ભૂતની જેમ ફરે છે. માટે હવે જ્યારથી આ વાત સાંભળી છે, ત્યારથી તત્કાળ આત્માને ગ્રહણ કરી લે.—અંદરમાં ઉતરી જા. હમણા થોડું આ બીજું કામ કરી લઉં. પછી આ કરીશ એવા વાયદા રહેવા દે. તું બહારમાં કરી કરીને શું કરી શકે તેમ છો? એક રજકણના બે ટૂકડા પણ તું કરી શકે તેમ નથી. માત્ર વિકલ્પો કરી શકે છો.

શ્રોતા:—રજકણ તો બહુ સૂક્ષ્મ હોય તેનું કાર્ય જીવ ન કરી શકે પણ શરીરનું કામ તો કરી શકે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—આત્મા કોઈ પરદ્રવ્યનું કાંઈ કરી ન શકે. શરીર અજીવ છે. અજીવ પણ એક પદાર્થ છે માટે તેનું બધુ કાર્ય અજીવદ્રવ્ય પોતે કરે છે. તેને આત્મા કરી શકતો નથી. પણ...એને અજીવતત્ત્વની પણ આસ્થા નથી એટલે એને પ્રશ્ન ઉઠયા કરે કે જીવ હોય ત્યારે જ શરીર ચાલે છે. તેમાં લોહી થાય છે વગેરે બધું જીવ હોય તો જ થાય છે. પણ એમ વિચાર નથી કરતો કે આત્મા હોય છતાં શરીર કેમ ચાલતું અટકી જાય છે! લોહી કેમ બનતું નથી!...વિચાર કરે તો ખ્યાલ આવે. જડ અને ચેતન તત્ત્વ જ જુદાં છે તો કોણ કોનું કાર્ય કરે! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કામ ન કરે એ વાત એને ઊંડાણથી બેસતી જ નથી તેથી બીજાનું કરવું જોઈએ તો મોટા કહેવાઈએ એમ એને લાગે છે.

અહીં કહે છે કે આત્મા જડનું તો કાંઈ કરતો જ નથી પણ દયા-દાનના વિકલ્પ થાય છે તેને પણ આત્મા કરતો નથી એ વાત સિદ્ધ કરવી છે. વસ્તુના સ્વરૂપમાં વિકલ્પ નથી માટે ધર્મી વિકલ્પને પકડતાં નથી પણ એક પળમાં ત્રિકાળ દ્રવ્યને પકડી લે છે. નિર્વિકલ્પ સત્ચિદાનંદ પ્રભુ પોતે જ્ઞાનાનંદ સ્વરૂપે ધ્રુવપણે રહેલા છે તેને એક પળમાં બધાંએ ગ્રહણ કરી લેવા જેવો છે. શ્રીમદ્જી પણ લખે છે ને! સ્વદ્રવ્યના

ગ્રાહક ત્વરાથી થાઓ! સ્વદ્રવ્યની રક્ષા ત્વરાથી કરો! (જુઓ! સામે અરીસામાં આ બધાં બોલ લખેલા છે) સ્વદ્રવ્યમાં વ્યાપક ત્વરાથી થાઓ!—સ્વદ્રવ્યમાં ક્ષણમાં પ્રસરી જાઓ. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ!—ભગવાન આત્માના પૂર્ણસ્વરૂપને શ્રદ્ધામાં ધારણ કરો, જ્ઞાનમાં ધારણ કરો, રાગાદિને ધારણ ન કરો. શ્રીમદે આ વાત ૧૭ વર્ષની ઉંમરે કરી છે પણ ૭૧ વર્ષની ઉંમરવાળાને પણ તેનું ભાન નથી. ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે એમ માની લીધું છે

સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ!— અખંડાનંદ ધ્રુવમાં રમો. પુણ્ય-પાપ અને સંકલ્પ-વિકલ્પમાં તો અનાદિથી રમતો આવ્યો છો. હવે તેમાં રમવું છોડીને અખંડાનંદમાં રમો, તેના જ ગ્રાહક ત્વરાથી થાઓ. પુણ્ય-પાપના વિકલ્પને પકડવા છોડીને વસ્તુને પકડો.

**ताकौ अनुभव कीजै परम पीयुष पीजै ।** —ભગવાન આત્મા આનંદનું સરોવર છે તેમાંથી આનંદામૃત પીધા જ કરો. બાયું (બહેનો) વીરડામાં પાણી ભરવા જાય ને! વીરડામાં પાણી આવ્યા જ કરે...આવ્યા જ કરે, બેડા ભરાય જાય તેમ, આત્મા નિર્વિકલ્પ આનંદરસનો વીરડો છે તેમાંથી આનંદને પી. વિકલ્પના વેદનમાં તો દુઃખ છે. જેમ, અગ્નિને ન પીવાય કેમ કે તેમાં તો દાઝાય છે તેમ, પુણ્ય-પાપના વિકલ્પ તો અગ્નિ છે તેને પીવાથી તું દાઝે છો માટે જ્ઞાની તને અટકાવે છે કે તું તેને ન પી અને આત્માના આનંદને પી. અજ્ઞાની અંધને અગ્નિ પીતા અટકાવે છે તે આકરું લાગે છે ભાઈ! એ તો ઝેર છે, તેનું પાન કરીને તું મરી ગયો, હવે અતીન્દ્રિય આનંદામૃત પીઈને જીવંત થા, આનંદિત થા.

**बंधकौ विलास डारि दीजै पुद्‌गलमैं**— પુણ્ય-પાપના ભાવ બંધરૂપ છે તેને પુદ્‌ગલમાં નાખી દે. મારા છે એમ ન માન!

ઘણાંને એમ લાગે છે કે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ તો ધર્મ છે અને તેને તમે પુણ્ય કહીને તરછોડી નાંખો છો. આમાં લોકોનું કલ્યાણ અટકી જાય છે. ભાઈ! અહીં તો જેને ધર્મ કરવો છે તેને ધર્મનું સ્વરૂપ કહેવાય છે. કોઈના કહેવાથી કોઈ કાંઈ છોડી દેતું નથી. એની માન્યતામાં ઊંડે ઊંડે રાગની જ મીઠાશ પડી છે તેથી એ કર્યા જ કરે છે. ખરેખર પુણ્ય-પાપના વિકલ્પ તારા સ્વભાવમાં નથી માટે તેને પુદ્‌ગલના ખાતામાં નાંખી દે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે શુભભાવને પણ આત્માનું સ્વરૂપ ન માન! પુદ્‌ગલમાં નાખી દે.

આ ૨૯મું પદ્ય થયું. હવે ૪૮મા કળશનું ૩૦મું પદ્ય કહે છે. તેમાં આત્માનુભવની પ્રસંશા કરી છે.

दरबकी नय परजायनय दोऊ,
श्रुतग्यानरूप श्रुतग्यान तो परोख है ।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है ॥
अनुभव प्रवांन भगवान पुरुष पुरान,
ग्यान और विग्यानघन महा सुखपोख है ।
परम पवित्र यौं अनंत नाम अनुभौके,
अनुभौ विना न कहूं और ठौर मोख है ॥ ३० ॥

અર્થ—દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને નય શ્રુતજ્ઞાન છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ પ્રમાણ છે. પણ શુદ્ધ પરમાત્માનો અનુભવ પ્રત્યક્ષ પ્રમાણ છે. તેથી અનુભવ શોભનીય, નિર્દોષ, પ્રમાણ, ભગવાન, પુરુષ, પુરાણ, જ્ઞાન વિજ્ઞાનઘન, પરમસુખના પોષક, પરમ, પવિત્ર એવાં બીજાં પણ અનંત નામોનો ધારક છે, અનુભવ સિવાય બીજે ક્યાંય મોક્ષ નથી.

ત્રિકાળ ધ્રુવ આત્મદ્રવ્યને જાણવાવાળા વિકલ્પવાળા નયને દ્રવ્યાર્થિકનય કહે છે અને એક સમયની અવસ્થાને જે જાણે તેને પર્યાયાર્થિકનય કહે છે. આ બંને વિકલ્પાત્મક શ્રુતજ્ઞાનના અંશ છે. આવા ભેદવાળુ શ્રુતજ્ઞાન પરોક્ષ હોવાથી તેમાં આત્મા અનુભવમાં આવતો નથી. વસ્તુને દ્રવ્યસ્વભાવથી જુઓ તો ધ્રુવ છે અને પર્યાય તરફથી જુઓ તો તે અધ્રુવ છે ઉત્પાદ-વ્યયવાળી છે. આમ, વિકલ્પવાળા શ્રુતજ્ઞાનથી બંને નયના વિષયને જાણે તોપણ તે પરોક્ષ સમકિત છે. પણ જ્યાં શુદ્ધ પરમાત્માનો અનુભવ થાય ત્યાં તો પ્રત્યક્ષ અનુભવ છે.

જુઓ! પુણ્ય-પાપના વિકલ્પને તો કાઢી નાંખ્યા પણ વિકલ્પવાળા જ્ઞાનને પણ 'પરોક્ષ' કહીને કાઢી નાખ્યું. વસ્તુ તો વિકલ્પ વિનાની ચીજ છે. નિર્વિકલ્પ-અવિકલ્પી આનંદઘન વસ્તુ છે. તેમાં રાગ નથી. પહેલાં વિકલ્પવાળા જ્ઞાનમાં નિર્ણય કર્યો હોય કે દ્રવ્યસ્વભાવે હું ધ્રુવ છું અને પર્યાય ક્ષણિક છું, પણ આવા પરોક્ષ જ્ઞાનમાં આત્માનો અનુભવ થતો નથી. લાખો શાસ્ત્રો ભણીને અભિમાન કરતો હોય

તેની તો વાત જ નથી—તેને તો અનુભવ ન જ થાય પણ, શ્રુતજ્ઞાનની વિકલ્પવાળી દશાથી પણ અનુભવ થતો નથી માટે, તેની પણ અહીં ગણતરી નથી. દ્રવ્ય-પર્યાયના વિકલ્પ ઉઠે છે તે પણ દુઃખરૂપ છે. તો બહારના ઉઘાડના અભિમાન છે એ તો દુઃખરૂપ જ છે. એવા અભિમાનવાળાને વસ્તુસ્વરૂપનું બહુમાન આવી શકતું જ નથી. પણ અહીં તો અભિમાન વિનાના, પણ વિકલ્પવાળા જ્ઞાનમાં અનુભવ થતો નથી એમ કહેવું છે. દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ વિકલ્પાત્મક જ્ઞાનમાં વિચારે છે પણ પ્રત્યક્ષ અનુભવ તેમાં થતો નથી. તેથી આત્મા પ્રત્યક્ષ થયા વિના આનંદનો સ્વાદ આવતો નથી.

કળશટીકામાં આ કળશના ભાવાર્થમાં કહ્યું છે કે જેટલા નય છે તે શ્રુતજ્ઞાનરૂપ છે. શ્રુતજ્ઞાન પરોક્ષ છે. અનુભવ પ્રત્યક્ષ છે-તેથી શ્રુતજ્ઞાન વિના જે જ્ઞાન છે તે પ્રત્યક્ષ અનુભવે છે. આગળ ૧૯મા કળશમાં પણ આવી ગયું કે શ્રુતજ્ઞાનથી આત્માને વિચારતાં ઘણાં વિકલ્પ ઉઠે છે. એક નયથી ભેદરૂપ એક નયથી અભેદરૂપ એમ અનેક નયથી આત્માને વિચારતાં સ્વરૂપનો અનુભવ નથી.

શ્રીમદ્‌માં પણ આવે છે-"સબ શાસ્ત્રનકે નય ધારી હિયે......વહ સાધન બાર અનંત કીયો તદપિ કછુ હાથ હજુ ન પર્યો."

શુદ્ધ પરમાત્માનો અનુભવ તો પ્રત્યક્ષ છે. રાગ અને મનના અવલંબન વિના આત્મા અનુભવમાં આવતાં એ જ્ઞાન પ્રત્યક્ષ થાય છે. આ જ્ઞાનને જ યથાર્થજ્ઞાન કહેવામાં આવે છે. ધારણાજ્ઞાન ગમે તેટલું હોય પણ તે જ્ઞાન નથી. તેમ શ્રુતજ્ઞાન દ્વારા દ્રવ્ય-પર્યાયનું વિકલ્પાત્મકજ્ઞાન કરવામાં આવે છે તે પણ જ્ઞાન નથી. કારણ કે વસ્તુ આખી પ્રત્યક્ષ ચીજ છે તેને પ્રત્યક્ષ ન કરે ત્યાં સુધી એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવતું નથી.

શુદ્ધ પરમાત્મા એટલે અરિહંત કે સિદ્ધની વાત નથી પણ, શુદ્ધ અને ધ્રુવ એવા એકરૂપ જ્ઞાયકભાવની વાત છે કે જે ત્રિકાળ પ્રગટ છે તેને 'પરમાત્મા' કહ્યો છે. તેનો અનુભવ પ્રત્યક્ષજ્ઞાનમાં જ થાય છે. પરોક્ષજ્ઞાનમાં પરમાત્મા અનુભવમાં આવતો નથી. ત્યાં રાગ અને વિકલ્પ દ્વારા આત્મા અનુભવમાં આવે એ વાત ક્યાં રહી! લોકોને રાડ પડી જાય તેવી વાત છે. લોકોને એમ થાય કે આવું ક્યાંથી કાઢ્યું! પણ જે છે તે પ્રગટ થાય છે. સોનગઢમાં છપાય એટલે કાંઈ અહીંનું થઈ ગયું!

પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા જ પ્રત્યક્ષ વસ્તુનો અનુભવ થાય. [ક્રમશઃ]

# ભૂલ્યા....ભટક્યા....ને....ભગવાન બન્યા

[ શ્રી રામ, લક્ષ્મણ, સીતા આદિના પૂર્વભવ ]

મહાસુંદર દેહાકારના ધારક, શ્રી રામની ભક્તિરૂપી આભૂષણથી યુક્ત, રાવણના ભ્રાતા અને વિદ્યાધરોમાં શ્રેષ્ટ રાજા વિભીષણ હાથ જોડી પ્રણામ કરી કેવળીને પૂછવા લાગ્યા '' હે દેવાધિદેવ ! શ્રી રામે પૂર્વભવમાં શું સકૃત કર્યું કે જેથી આવો મહિમા પામ્યા ? તેમની સ્ત્રી સીતાને શું પ્રસંગથી દંડકવનમાં રાવણ હરીને લઈ ગયો ? ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરુષાર્થના વેત્તા, અનેક શાસ્ત્રોના પાઠી, કૃત-અકૃત્યનો જ્ઞાતા, ધર્મ-અધર્મનો દૃષ્ટા, પ્રધાન ગુણ સંપન્ન એવો રાવણ મોહને વશ થઈ પરસ્ત્રીની અભિલાષારૂપી અગ્નિમાં પતંગીયાના ભાવને કેમ પ્રાપ્ત થયો ? વિદ્યાધરોનો મહેશ્વર અનેક અદ્‌ભુત કાર્યોનો કર્તા અને મહાબળવાન રાવણ સંગ્રામમાં લક્ષ્મણ થકી હણાયો. તે આવા મૃત્યુને કેમ પામ્યો ?

શ્રી કેવળીએ કહ્યું—'' હે લંકેશ્વર ! શ્રી રામ લક્ષ્મણ બન્ને અનેક ભવના ભાઈ છે અને રાવણના જીવ પ્રત્યે લક્ષ્મણના જીવને અનેક ભવોથી વેર છે. ભરતક્ષેત્રના એક નગરના અલ્પધનનો ધણી નયદત્ત નામનો વણીક હતો. તેની સુનંદા સ્ત્રીને ધનદત્ત પુત્ર હતો તે શ્રી રામનો જીવ અને બીજો વસુદત્ત નામનો પુત્ર તે લક્ષ્મણનો જીવ. એક યજ્ઞબલિ નામનો વિપ્ર વસુદત્તનો મિત્ર હતો તે તારો જીવ. તે જ નગરમાં એક સાગરદત્ત વણીકની રત્નપ્રભા સ્ત્રીને ગુણવતી નામની પુત્રી હતી તે સીતાનો જીવ અને તેનો નાનો ભાઈ ગુણવાન તે ભામંડલનો જીવ હતો. યૌવન, રૂપ, કળા કાંતિથી મંડિત ગુણવતીની પિતાના અભિપ્રાયથી, ગુણવાને ધનદત્ત સાથે સગાઈ કરી. તે જ નગરમાં એક મહા ધનવાન વણીક શ્રીકાંત તે રાવણનો જીવ હતો. તે નિરંતર ગુણવતીને પરણવાની અભિલાષા રાખતો. ગુણવતીનો ભાઈ ગુણવાન ધનનો લોભી હોઈ ધનદત્તને અલ્પધનિક જાણી ગુણવતીને શ્રીકાંત સાથે પરણાવવા ઉદ્યમી થયો.

યજ્ઞબલિ બ્રાહ્મણે આ વૃત્તાંત વસુદેવને કહ્યું કે તારા મોટાભાઈ સાથે સગાઈ થયેલ કન્યાને તેનો ભાઈ શ્રીકાંત સાથે પરણાવવા ઇચ્છે છે. આ સાંભળી વસુદત્ત શ્રીકાંતને મારવા ખડ્ગ લઈ અંધારી રાત્રિમાં શ્યામ વસ્ત્ર પહેરી ધીરે પગે તેના ઘરે ગયો. ત્યારે શ્રીકાંત અસાવધાન બેઠો હતો, તેને ખડ્ગથી માર્યો. તેથી પડતાં પડતાં શ્રીકાંતે પણ વસુદત્તને ખડ્ગથી માર્યો. બન્ને મરીને વિંધ્યાચલના વનમાં હરણ થયા. નગરના દુર્જનોએ

ગુણવતીને ધનદત્ત સાથે પરણાવવા ન દીધી અને કહ્યું કે તેના ભાઈએ અપરાધ કર્યો છે. દુર્જન લોકો કારણ વિના કોપ કરે છે, આ તો એક બહાનું હતું.

પોતાના ભાઈનું મરણ, પોતાનું અપમાન અને સગાઈ થયેલ કન્યાનો અલાભ થતાં મહાદુ:ખી થઈ ધનદત્ત ઘેરથી નીકળી વિદેશગમન કરવા લાગ્યો. તે કન્યા પણ ધનદત્તની અપ્રાપ્તિથી અતિ દુ:ખી થઈ અન્ય કોઈને ન પરણી અને મુનિઓની નિંદા, જિનમાર્ગની અશ્રદ્ધા અને પાપોપાર્જનથી, કાળ પામી, આર્તધ્યાનથી મરીને જે વનમાં તે બન્ને મૃગ થયેલ ત્યાં તે મૃગી થઈ. પૂર્વ વૈરવશ તે મૃગી અર્થે બન્ને મૃગ પરસ્પર લડીને મર્યા. તે બન્ને સુવર થયા. પછી હાથી, ભેંસ, બળદ, વાનર, ગેંડા, શિયાળ, ઘેટા ઇત્યાદિ અનેક જન્મો ધાર્યા અને તે મૃગી પણ તે જ જાતીની તિર્યંચણી થાય તથા તેના નિમિત્તે પેલા બન્ને પરસ્પર લડીને મરે અને એ રીતે જળ-સ્થળના જીવો થઈ પ્રાણ તજતા રહ્યા.

માર્ગના ખેદથી અતિ દુ:ખી ધનદત ( રામનો જીવ ) એક દિવસ સૂર્યાસ્તના સમયે મુનિઓના આશ્રમમાં ગયો. ભોળો કાંઈ જાણે નહિ તેથી સાધુઓને કહેવા લાગ્યો કે તમે ધર્માત્મા છો, હું તૃષાથી પીડિત છું, મને જળપાન કરાવો. ત્યારે મુનિ તો ન બોલ્યા પરન્તુ કોઈ જિનધર્મીએ મધુર વચનથી તેને સંતોષ ઉપજાવી કહ્યું કે "હે મિત્ર! રાત્રિમાં અમૃત પણ ન પીવું જોઈએ ત્યાં જળની શું વાત? જ્યારે નેત્રો વડે કાંઈ સૂઝે નહિ, સૂક્ષ્મ જીવ દૃષ્ટિમાં ન પડે, તેવી રાત્રિના સમયે જો તું અતિ તૃષાતુર હોય તોપણ ખાન પાન ન કરવું. જેનાથી ભવસાગરમાં ડૂબાય તેવું તું ન કર." તે સાંભળી દયામય ચિત્તયુક્ત ધનદત્ત શાંત ચિત્ત થયો. શક્તિ અલ્પ હોતાં વ્રતિ થઈ શક્યો નહિ, પરંતુ અણુવ્રતિ શ્રાવક થયો. કાળ પામી સમાધિ મરણ કરી, સૌધર્મ સ્વર્ગમાં મહાઋદ્ધિધારદેવ થયો.

પૂર્વ પુણ્યના યોગથી દેવાંગનાદિ સુખભોગવી સ્વર્ગથી આવીને મહાપુરનગરના મેરૂ નામના શ્રેષ્ઠીની ધારીણી નામની સ્ત્રીનો પદ્મરુચિ નામનો પુત્ર ( રામનો જીવ ) થયો. એક દિવસ શેઠનો પુત્ર પદ્મરુચિ પોતાના ગોકુળમાં અશ્વ ઉપર ચઢીને આવ્યો. ત્યારે એક વૃદ્ધ બળદને કંઠગત પ્રાણ સહિત દેખ્યો તેથી તે અશ્વ પરથી ઉતરીને દયા વડે બળદના કાનમાં નમોકાર મંત્ર કહેવા લાગ્યો, જે બળદે ચિત્ત દઈ સાંભળ્યા. બળદ પ્રાણ તજી, તે જ નગરના રાજા છત્રચ્છાયની રાણી શ્રીદત્તાના ગર્ભમાં આવ્યો. રાજા છત્રચ્છાયને પુત્ર ન હોવાથી પુત્રજન્મથી અતિ હર્ષિત થઈ નગરની ઘણી શોભા કરી. પુણ્યકર્મના યોગથી તે બાળક વૃષભધ્વજ પૂર્વજન્મને જાણવા લાગ્યો. બળદના ભવના શીત આતાપ આદિ મહાદુ:ખ અને મૃત્યુ સમયે નમોકાર મંત્રના શ્રવણના

પ્રભાવથી રાજકુમાર થયો, તે સર્વ પૂર્વ અવસ્થા યાદ કરી બાળક અવસ્થામાં જ મહાવિવેકી થયો. તરૂણ અવસ્થા થતાં એક દિવસ વિહાર કરતાં બળદના મરણ સ્થળે ગયો. પોતાનું પૂર્વ ચરિત્ર વિચારી આ વૃષભધ્વજ કુમાર હાથી પરથી ઊતરી પૂર્વ જન્મની મરણભૂમિ દેખી દુઃખી થયો. પોતાના મૃત્યુને સુધારનાર નમોકાર મંત્રના દાતાને શોધવા માટે એક મહાશિખર યુક્ત ચૈત્યલય બનાવ્યું અને ચૈત્યાલયના દ્વારની સમીપ એક બળદની નિકટ બેસી એક પુરુષ નમોકાર મંત્ર સંભળાવે છે તેવું એક ચિત્રપટ બનાવીને મૂકયું તથા તેની સમીપ એક રખેવાળને રાખ્યો. દર્શન કરવા માટે મેરૂશ્રેષ્ઠિનો પુત્ર પદ્મરુચિ આવ્યો અને ચિત્રપટને દેખીને હર્ષિત થયો. દર્શન કર્યા પછી ચિત્રપટને નિરખી મનમાં વિચારે છે કે એક મરણોન્મુખ બળદને નમોકાર મંત્ર મેં સંભળાવ્યા હતા. રખેવાળ મનુષ્યએ જઈ રાજકુમારને કહ્યું. તે સાંભળતાં જ રાજકુમાર મહાઋદ્ધિથી હાથી ઉપર ચઢી શીઘ્રથી પોતાના મિત્રને મળવા આવ્યો. હાથી પરથી ઊતરી જિનમંદિરમાં દર્શન કરી બહાર આવી પદ્મરુચિને બળદની તરફ નિહાળતાં દેખ્યો. રાજકુમારે શ્રેષ્ઠિના પુત્રને પૂછ્યું કે તમે બળદની તરફ કેમ જુઓ છો? ત્યારે પદ્મરુચિએ (રામના જીવે) કહ્યું કે એક મરતાં બળદને મેં નમોકાર મંત્ર આપ્યા હતાં. તે કયાં ઉપજ્યો છે તે જાણવાની ઇચ્છા છે. ત્યારે વૃષભધ્વજ બોલ્યો કે "તે હું છું" આમ કહીને પગમાં પડી પદ્મરુચિની સ્તુતિ કરી, જેમ શિષ્ય ગુરુની કરે અને કહેવા લાગ્યો કે હું પશુ મહા અવિવેકી, મૃત્યુના કષ્ટથી દુઃખી હતો, તમે મારા મહા મિત્ર, નમોકાર મંત્રના દાતા સમાધિમરણના કારણ થયા.

આપ દયાળુ પરભવને સુધારનારે મને મહામંત્ર આપ્યો જેથી હું રાજકુમાર થયો. રાજા, દેવ, માતા, સહોદર, મિત્ર કુટુમ્બીજનો પણ જે ઉપકાર ન કરે તેવો તમે કર્યો. તમે નમોકાર મંત્ર આપ્યો તેના સમાન કોઈ પદાર્થ ત્રિલોકમાં નથી. તેનો હું શું પ્રત્યુપકાર કરું?

તમારાથી હું હીન નથી તથાપિ તમારામાં મારી અધિક ભક્તિ ઉપજી છે, જે આજ્ઞા આપો તે કરું. હે પુરુષોત્તમ! આપ આજ્ઞા કરીને મને ભક્ત કરો. આ સમસ્ત રાજ્યને લો. હું આપનો દાસ આ મારા શરીર વડે 'ઇચ્છા હોય તે સેવા કરાવો.' આ પ્રમાણે વૃષભધ્વજે કહ્યું ત્યારે પદ્મરુચિને અને તેને અતિ પ્રીતિ થઈ. બન્ને સમ્યગ્દષ્ટિ રાજ્યમાં શ્રાવકના વ્રત પાળવા લાગ્યા. ઠેર ઠેર ભગવાનના ચૈત્યાલયો બનાવી તેમાં જિનબિમ્બ પધરાવી સમસ્ત પૃથ્વીને શોભાયમાન કરી, વૃષભધ્વજ અને પદ્મરુચિ શેઠ સમાધિમરણ કરી બીજા સ્વર્ગમાં દેવ થયાં અને ત્યાં પણ પરમ મિત્ર થયા.

ત્યાંથી ચ્યવી પદ્મરુચિનો જીવ પશ્ચિમ વિદેહમાં વિજયાર્ધગિરિમાં નંદ્યાવર્તનગરના

રાજા નંદીશ્વરની રાણી કનકપ્રભાનો નયનાનંદ નામનો પુત્ર (રામનો જીવ) થયો. તેણે વિદ્યાધરોના ચક્રીપદની સંપદા ભોગવી, પછી મહામુનિની અવસ્થા ધારી, તપ કરી સમાધિમરણ કરી ચોથા સ્વર્ગમાં દેવ થયો. ત્યાં પુણ્યરૂપી વૃક્ષમાં સુખરૂપ મહામનોજ્ઞ ફળ ભોગવ્યાં, ત્યાંથી ચ્યવીને પૂર્વ વિદેહમાં ક્ષેમપુરી નગરીની રાજા વિપુલ-વાહન અને રાણી પદ્માવતીનો શ્રીચંદ્ર નામનો પુત્ર (રામનો જીવ) થયો. ત્યાં સ્વર્ગ સમાન સુખ ભોગવ્યાં. તેના પુણ્યના પ્રભાવથી દિન પ્રતિદિન રાજ્યની વૃદ્ધિ થઈ, અખૂટ ભંડાર થયો અને સમુદ્રાંત પૃથ્વી એક ગ્રામવત્ વશ કરી. ઇંદ્રાણી સમાન રાણીઓ સહિત સુખ ભોગવતાં હજારો વર્ષ સુખથી રાજ્ય કર્યું.

એક દિવસ મહાસંઘ સહિત ત્રિગુપ્તિના ધારક સમાધિગુપ્ત નામના યોગીશ્વર નગરના ઉદ્યાનમાં બિરાજેલાં જાણી નગરના લોકો વંદના કરવા ચાલ્યા. સ્તુતિ કરતાં વાજીંત્રો વગાડતાં હર્ષથી જતાં લોકોના નાદ સાંભળી શ્રીચંદ્રે સમીપવર્તી લોકોને પૂછયું કે આ હર્ષનાદ શા કારણે થાય છે? મંત્રીઓએ તપાસ કરીને જણાવ્યું કે મુનીશ્વર આવેલ છે, તેમનાં દર્શન કરવા જાય છે. આ સમાચાર સાંભળી રાજા શ્રીચંદ્રના શરીરમાં હર્ષથી રોમાંચ થઈ આવ્યો. સમસ્ત પરિવારના લોકો સહિત રાજા મુનિનાં દર્શન કરવા ગયા.

મુનિરાજને દેખી પ્રણામ કરી મહાવિનય સંયુક્ત થઈ રાજા પૃથ્વી પર બેઠો. ઋષીશ્વરને દેખી રાજાને અતિ ધર્મસ્નેહ ઉપજ્યો. મહા તપોધર ધર્મશાસ્ત્રના વેત્તા, પરમ ગંભીર મુનીશ્વર લોકોને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ દેવા લાગ્યા. ઉત્તમ પુરુષોના ચારિત્રને કહેનાર પ્રથમાનુયોગ, ત્રિલોકનું કથન કરનાર કરણાનુયોગ, મુનિ–શ્રાવક ધર્મને દર્શાવનાર ચરણાનુયોગ અને છ દ્રવ્ય, નવ તત્ત્વ, સાત પદાર્થો અને પંચાસ્તિકાયનો નિર્ણય કરાવનાર દ્રવ્યાનુયોગ છે. વક્તાઓમાં શ્રેષ્ઠ મુનિરાજ જિનમાર્ગનો ઉદ્યોત કરનાર ચાર અનુયોગનો ઉપદેશ દેવા લાગ્યા.

આ સંસાર સાગરમાં કર્મના યોગથી ભ્રમણ કરતાં આ જીવ મહાકષ્ટથી મોક્ષ-માર્ગને પ્રાપ્ત થાય છે. સંધ્યાના વર્ણવત્ સંસારનો ઠાઠ વિનાશીક છે. વિદ્યુતના ચમત્કાર તથા ઇન્દ્રધનુષવત્ જગતનું ચરિત્ર ક્ષણભંગુર નિઃસાર છે.

નરક–તિર્યંચગતિ તો દુઃખરૂપ જ છે અને દેવ–મનુષ્ય ગતિમાં આ જીવ સુખ જાણે છે પરન્તુ તે સુખ નથી, દુઃખ જ છે. જેનાથી તૃપ્તિ ન થાય તે દુઃખ જ છે. જે માહેન્દ્ર સ્વર્ગના ભોગોથી તૃપ્ત ન થયો તે મનુષ્યભવના તુચ્છ ભોગોથી કેવી રીતે તૃપ્ત થાય? આ મનુષ્યભવ ભોગયોગ્ય નથી, વૈરાગ્યયોગ્ય છે.

રાજા શ્રીચંદ્ર મુનિના વચન સાંભળી વિષયાનુભવના સુખથી વૈરાગ્ય પામ્યા, પોતાના ધ્વજકાંતિ પુત્રને રાજ્ય આપી, સમાધિગુપ્ત મુનિ સમીપ મુનિ થયા. મહાતપસ્વી મહાગુણોયુક્ત શ્રીચંદ્ર મુનિ કર્મ પિંજરને જર્જરિત કરી, કાળ પામી, (શ્રી રામચંદ્રનો જીવ) પાંચમા બ્રહ્મ સ્વર્ગમાં ઈન્દ્ર થયા તથા લક્ષ્મી, કાંતિ, પ્રતાપના ધારક દેવોના ચૂડામણિ. ત્રિલોક પ્રસિદ્ધ પરમ ઋદ્ધિથી યુક્ત મહાસુખ ભોગવવા લાગ્યા. શ્રીચંદનો જીવ બ્રહ્મેન્દ્ર સ્વર્ગના સુખો ભોગવી, ત્યાંથી ચ્યવી રામચંદ્ર થયા.

આ પ્રમાણે (૧) ધનદતનો જીવ (૨) પ્રથમ સ્વર્ગમાં દેવ (૩) પદ્મરુચિ શેઠ (૪) બીજા સ્વર્ગમાં દેવ (૫) નયનાનંદ રાજા (૬) ચોથા સ્વર્ગમાં દેવ (૭) શ્રીચંદ્રરાજા (૮) બ્રહ્મેદ્ર. અને નવમાં ભવમાં શ્રી રામચંદ્ર થયો, હવે આગળ હે લંકેશ્વર! શ્રી રામ મોક્ષમાં જશે, પુનઃ સંસાર ભ્રમણ નથી. [ વધુ આવતા અંકે ]

## વૈરાગ્ય સમાચાર :—

* વિંછીયાનિવાસી ( હાલ-ઘાટકોપર ) શ્રી સવાઈલાલ હરીલાલ ઘેલકીયા ( વર્ષ-૭૧ ) [ તે ચંદુભાઈ ( ભજનમંડળીવાળા ) તથા રસિકભાઈ ઘેલકીયાના મોટાભાઈ ] તા. ૧૧-૯-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી ( હાલ ઘાટકોપર ) ઉત્તમલાલ હરીલાલ ઘેલકીયાના ધર્મપત્ની અ. સૌ. નિરૂપમાબેન ( વર્ષ-૪૮ ) તા. ૧૪-૯-૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બોટાદનિવાસી શ્રી ( હાલ જલગાંવ ) શ્રી ધરમચંદ રતીલાલ ગાંધી ( વર્ષ-૭૪ ) રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી જયંતીલાલ નથુભાઈ મહેતા ( વર્ષ-૭૯ ) તા. ૭-૧૦-૯૬ના તા. ૪-૧૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિતારણહાર પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[તા. ૧૧-૧૧-૯૬ ]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'શ્રી નિયમસાર' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

બપોરે પ્રવચન પહેલાં : પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

### શ્રી વીર-નિર્વાણ-કલ્યાણક પર્વ:—

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીનો મંગળ અવસર આસો વદ ૧૧, ગુરુવાર તા. ૭-૧૧-૯૬થી આસો વદ અમાસ, સોમવાર, તારીખ ૧૧-૧૧-૯૬ પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલવિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મ જ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવ્યો હતો.

સુપ્રભાતદિન : નૂતનવર્ષનો મંગલ સુપ્રભાતદિન કારતક સુદ-૧, સોમવાર, તા. ૧૧-૧૧-૯૬ પૂજાભક્તિ તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ શુભ અવસરે અધ્યાત્મતીર્થનો લાભ લેવા બૃહદ્ મુંબઈ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, નાઈરોબી આદિથી મુમુક્ષુઓ આવ્યા હતા.

* કાર્તિક નંદીશ્વર અષ્ટાહ્નિકા—કારતક સુદ ૮, સોમવાર, તા. ૧૮-૧૧-૯૬ થી કારતક સુદ ૧૫, સોમવાર, તા. ૨૫-૧૧-૯૬ સુધી નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ શ્રી

પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં 'પંચમેરુ-નંદીશ્વરવિધાનપૂજા', જિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમ સહ સાનંદ ઉજવાશે.

* કાર્તિકી પૂર્ણિમા : તા. ૨૫-૧૧-૯૬ને સોમવારના રોજ શ્રી સમયસાર ગુજરાતી અનુવાદના પ્રકાશનનો ૫૭મો વાર્ષિક દિન શ્રી સમયસારજીની પૂજા આદિના વિશેષ આયોજનપૂર્વક ઉજવાશે.

* ખંડવા (મ. પ્ર.)માં સિદ્ધચક્રવિધાનઃ—પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીનાં ધર્મોપકારપ્રતાપથી નિર્મિત શ્રી આદિનાથ દિગંબર જિનમંદિરમાં તા. ૧૬-૧૦-૯૬ થી તા. ૨૪-૧૦-૯૬ સુધી શ્રી 'સિદ્ધચક્ર-મંડલવિધાન' મહોત્સવ તથા અધ્યાત્મ-પ્રવચનમાળા તેમ જ જૈન ધાર્મિક શિક્ષણશિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પં. શ્રી હિંમતભાઈ ડગલીએ પ્રવચન કર્યાં હતા અને બ્ર. પં. શ્રી વ્રજલાલભાઈ શાહે ધાર્મિક શિક્ષણ આપ્યું હતું. આ ભવ્ય આયોજનનો યુવાનોએ વિશેષ લાભ લીધો હતો. આયોજન અતિ સફળ રહ્યું.

### * શિલાન્યાસવિધિ સાનંદ સંપન્ન *

કર્ણાટકના બેંગલોર શહેરના 'રાજાજીનગર'-ઉપનગરમાં નિર્માણાધીન 'શ્રી નેમિનાથ દિ. જિનમંદિર'ના શિલાન્યાસની મંગલવિધિ આગામી આસો સુદ ૧૦ (દશેરા—વિજયાદશમી), તા. ૨૧-૧૦-૯૬, સોમવારના રોજ ૯-૧૫ થી ૧૦-૧૫, મુંબઈ નિવાસી શ્રી શારદાબેન શાંતિલાલ શાહ-પરિવાર તથા અનંતરાય અમુલખ શેઠ-પરિવારના શુભહસ્તે સાનંદ સંપન્ન થઈ હતી આ શિલાન્યાસવિધિ પ્રસંગે જિનમંદિર નિર્માણ માટે મુમુક્ષુઓ તરફથી લગભગ રૂા. પાંચ લાખની આવક થઈ હતી. —*—

## 卐 આત્મા જ ખરેખર પૂજ્ય છે 卐

ત્રણ લોકના નાથ પોતે પોતાને પૂજ્ય છે. સમવસરણમાં ઇન્દ્રો પણ સર્વજ્ઞદેવને પૂજે છે ને? ભાઈ! વ્યવહારના લખણ જ એવા છે! વ્યવહારમાં પર પદાર્થનું લક્ષ હોય. પરંતુ એ કાંઈ ખરેખર આત્મા નથી ને એ કાંઈ ખરેખર પૂજ્ય નથી. ભાઈ! એવા વિકલ્પો હોય છે. એ બંધનું કારણ છે, તોપણ એ આવ્યા વિના રહેતા નથી. કેમ?—કે અબંધસ્વભાવી આત્મા પૂરણ અબંધપરિણામને ન પામે ત્યાં સુધી એવા ભાવ હોય. તેથી વ્યવહાર છે ખરો. વ્યવહાર ન માને તો મિથ્યાદષ્ટિ થઈ જાય છે અને જો વ્યવહારે પૂજ્ય કહ્યું તેને પરમાર્થે પૂજ્ય માની લ્યે તોપણ મિથ્યાદષ્ટિ છે.

—અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૬મા સમાધિદિન પ્રસંગે સુવર્ણપુરીમાં પાંચ દિવસનો

## □ ધાર્મિક કાર્યક્રમ □

[ તા. ૨૮-૧૧-૯૬ થી તા. ૨-૧૨-૯૬ ]

સમયસાર-યુગપ્રવર્તક આપણા પરમ તારણહાર પરમોપકારી વ્હાલા ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીની પુણ્યસમાધિનો સોળમો વાર્ષિક દિન વિ. સં. ૨૦૫૩, કારતક વદ ૭, સોમવાર, તા. ૨-૧૨-૯૬ના રોજ છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવના દુ:ખદ વિરહના આ સાંવત્સરિક સમાધિદિન નિમિત્તે તા. ૨૮-૧૧-૯૬, ગુરુવારથી તા. ૨-૧૨-૯૬, સોમવાર—એમ પાંચ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસ ઝરતાં ટેપ તથા વિડિયો પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા અને સમાગત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યા છે.

અધ્યાત્મજ્ઞાન-વૈરાગ્ય તેમ જ ગુરુભક્તિનો લાભ લેવા માટે આ અવસરે ગુરુભક્ત સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ પ્રસંગે પધારવાથી આપ સર્વેને પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિમાં બિરાજમાન શ્રી જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિ વગેરેનો પણ અમૂલ્ય લાભ મળશે.

---

ભાઈ! સાંભળ તો ખરો! શાંત તો થા! તારું સ્વરૂપ તો ચૈતન્યમૂર્તિ છે ને! પણ એની તને ખબર નથી ને તારી નજીકમાં જે શરીર જડ પદાર્થ છે તેમાં જે રૂપાંતર થાય તે મારા લીધે થાય છે એમ માને છો. પરંતુ જો તારા લીધે થતું હોય તો તું હો ને તે જતું કેમ રહે છે? શરીર માટી જડ અજીવ તત્ત્વ છે, તેનું રહેવું, ટકવું, બોલવું, ચાલવું, ખાવું, પીવું એ સર્વ જડની ક્રિયા છે. આત્મા કિંચિતમાત્ર તેનું કરી શકતો નથી.

—પૂજ્ય ગુરુદેવ

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* ત્રણલોકના નાથ સર્વજ્ઞની પાસે પણ હિતની કામના રાખવી એ પણ ભ્રમ છે. બીજા દેવ-દેવલાની તો શું વાત! પણ સર્વજ્ઞની શ્રદ્ધા એ પણ શુભભાવ છે. આહાહા! ગજબ વાત છે ને! ત્રણલોકના નાથની ભક્તિ પણ ભવનું કારણ છે. ૩૮.

* પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યાં છે, આનંદના વાજા વગાડચા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે, શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે. ૩૯.

* અહા! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, કયે પ્રસંગે નથી? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે, તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે. ૪૦.

* કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગકાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે! ૪૧.

* * *

## 卐 તારો જ્ઞાયક તારી પાસે જ છે 卐

જીવનમાં કોઈવાર પહાડ જેવી પણ પ્રતિકૂળતાઓ આવે તોપણ તારી આત્મશ્રદ્ધા ગુમાવીશ નહીં, મનને સમતોલ રાખજે. કોઈપણ દુઃખનો ઉકેલ અને અંત હોય જ છે, તારે કોઈ બીજાના સહારાની જરૂર નથી, તારો જ્ઞાયક તારી પાસે જ છે.

—પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A ૧૦૦ શ્રી દિલીપકુમાર આનંદીલાલ શાહ
"આનંદી મંગલમ" વાઘજીના વેપારી,
ભોજવાડો, ધોળી કૂઈ, મુ. વડોદરા